
સંતવાણી ગ્રંથાવલિ ૨૦

# પૂજ્ય શ્રીમોટા



# પૂજ્ય શ્રીમોટા

## (Pujya Shrimota)

સંકલન : સંપાદન
કુ. કાશ્મીરાબહેન વઝીરાણી
(રાજકોટ)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# અનુક્રમણિકા


૧. પૂજ્ય શ્રીમોટા : જીવનચરિત્ર ૧

૨. વચનામૃત

સાધક અને દુનિયા ૨૩

સાધકનો ધર્મ ૨૭

૩. કાવ્યો

એક ૨૯

ઊર્મિ ૨૯

કર્મ ૩૦

કસોટી ૩૦

ગુરુ સૂક્ષ્મ-ભાવરૂપે ૩૧

જન્મ-મૃત્યુના રાસ ૩૧

તાટસ્થ્ય ૩૧

દુ:ખ ૩૨

પ્રેમ, જીવનસાધના ૩૨

વિઘ્ન ૩૩

શ્રદ્ધા-વિશ્વાસ ૩૩

૪. પ્રશ્નોત્તરી ૩૪

૫. વિચાર કંડિકાઓ

કર્મ-સાધના ૪૨

કસોટીનો મહિમા ૪૨

૬. ધ્યાન ૪૩

૭. પ્રાર્થના ૪૫

# પૂજ્ય શ્રીમોટા : જીવનચરિત્ર

ભારતવર્ષની પુણ્યભૂમિ સંતપુરુષોના અવતાર માટે ઘણી જ ફલવતી છે. શસ્ત્રદોટ અને વૈજ્ઞાનિક પ્રગતિની હરણફાળમાં કદાચ આપણે પાશ્ચાત્ય દેશો સાથે પહોંચી ન વળીએ, પરંતુ માનવજીવનનો ચરમ ઉદ્દેશ છે આનંદપ્રાપ્તિ, સુખશાંતિની પ્રાપ્તિ અને પરમાત્વતત્ત્વ સાથે આત્માની એકતા. એ માર્ગ બતાવનારા સંતો આપણે ત્યાં અવારનવાર અવતાર લે છે. જીવનના ભયંકર કસોટીના, ગુલામીના, દુઃખના, રિબામણીના, અજ્ઞાનના, અંધકારના, ટૂંકમાં વિષમમાં વિષમ પરિસ્થિતિમાં જે શિવતત્ત્વ છે, સુંદર છે, શાંતતત્ત્વ છે, પરિશુદ્ધ, અનઘ, એક અને અદ્વિતીય એવું જે પરમતત્ત્વ છે તેમાં સંતો-મહંતોએ આપણી શ્રદ્ધા અને વિશ્વાસને ટકાવી રાખી જીવનના આનંદનો, સુખનો અને શાંતિનો રાહ બતાવ્યો છે.

એવા સંતપુરુષો જીવનભર પોતે કષ્ટ ભોગવતા રહે છે પરંતુ અન્ય માનવબંધુઓ દુઃખી હોય તે જોઈ શકતા નથી અને તેથી તેમનું દુઃખ વિદારવા તેઓ જાતજાતની માનવકલ્યાણની પ્રવૃત્તિ યોજે છે અને ઈશ્વરીય શુભ સંકેતથી તેને માટે તેમને મનુષ્ય અને નાણાં પણ મળતાં રહે છે. સંત એટલા માટે સંત છે કે તેઓ માનવજાતિનું દુઃખ જોઈ માત્ર રડીને બેસી રહેતા નથી, પોતાને આત્મકલ્યાણનો માર્ગ લાધ્યા પછી તેઓ પોતાની જાતનું જ કલ્યાણ કરી વિરામ પામતા નથી પરંતુ સમગ્ર માનવજાતને એ માર્ગે લઈ જવા તેઓ પોતાના અંતિમ શ્વાસ સુધી પ્રયત્ન કરતા હોય છે. એથી તો સંતો સમાજ માટે વંદનીય છે, પૂજનીય છે.

શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા પ્રમાણે સંત બનવા કપડાં બદલવાની કે ઘર છોડવાની કશી જરૂર નથી. જીવનમાં ગુણ અને ભાવનો વિકાસ થયો તો સહજ જ સાધુતા આવે છે અને આપોઆપ જ સંત થવાય છે.

પૂજ્ય શ્રીમોટા આપણા આ પ્રકારના મહાન સંતોની શ્રેણીમાં અગ્રસ્થાને છે. તેમનું જીવન તેમ જ માનવબંધુઓ માટે - સમાજ માટે તેમણે કરેલ પુરુષાર્થની પૂજા કહો કે કલ્યાણકારક પ્રવૃત્તિઓ કહો - એ જોઈ આપણે કહીએ કે

જનની કૃતાર્થા કુલં પવિત્રં ઇદમ ।
વસુંધરા પુણ્યવતી ચ ચેન ।

પૂજ્ય શ્રીમોટાનો આખરી જીવનસંદેશ પણ કેટલો મહાન છે ! જે સમાજને ઊંચો લાવવા માનવબંધુઓને સહાય કરવા, તેમના ગુણ અને ભાવને સમૃદ્ધ કરવા, એમણે જીવનભર તો કમર કસી પણ મૃત્યુ બાદ પણ પોતાનું કાર્ય ચાલુ રહે એવી એમની નામયશથી પર ઉદાત્ત ભાવના ભવ્ય નથી લાગતી શું ? તેમનો જ સંદેશ હતો, ''મારા નામનું ઈંટ-ચૂનાનું સ્મારક કરવું નહીં, મારા મૃત્યુ નિમિત્તે જે કાંઈ નાણાભંડોળ થાય તેનો ઉપયોગ (પ્રાથમિક) શાળાના ઓરડા બાંધવામાં કરાવો.''

પૂજ્ય શ્રીમોટાના દેહાવસાન પછી જે દાન મળ્યું તેમાંથી તેમ જ સરકારી સહાયથી ગામડે ગામડે શાળાઓનાં મકાનો બંધાયાં. તેઓ સમજતા હતા કે માત્ર પ્રભુસ્મરણ જ નહીં પણ પુરુષાર્થ જ માનવના ભાગ્યને ઘડે છે. પોતાના જીવનના પાયામાં - શિક્ષણપ્રાપ્તિમાં જે મુશ્કેલીઓ પોતાને સહન કરવી પડી તે ખ્યાલથી તેમ જ શિક્ષણપ્રાપ્તિ વગર જીવનમાં આગળ વધી જ

ન શકાય એ ખ્યાલથી શિક્ષણને જ તેમણે જીવનમાં તેમ જ પોતાના કાર્યક્ષેત્રમાં મહત્ત્વનું ગણ્યું છે. અને એ રીતે માનવને તેના ભાવ અને ગુણને વિકસાવવા જીવનભર પોતે પ્રયત્ન કર્યો અને મૃત્યુ બાદ પણ તેમનું લક્ષ્ય એ જ હતું એ સ્પષ્ટ છે. આવા પૂજ્ય શ્રીમોટા સાચા અર્થમાં સૌને માટે મોટા જ રહ્યા.

સામાન્ય એવી જ્ઞાતિ ભાવસાર અને પિતા આશારામ-માતા સૂરજબાની કૂખે ૧૮૯૮ના સપ્ટેમ્બરની ૪થી તારીખે વડોદરા જિલ્લાના સાવલી ગામે તેમનો જન્મ થયો. પિતા રંગરેજનું કામ કરતા અને 'ભગત' નામે ઓળખાતા. આર્થિક સ્થિતિ નબળી હતી પણ ભજનાનંદી હતા તેથી તેનો વસવસો ન હતો. આજીવિકા માટે સાવલી છોડી પંચમહાલ જિલ્લાના કાલોલ ગામે આવીને રહેલા.

આશારામ ભગત દરરોજ સવારે ભજન ગાતા ગાતા શેરીએ શેરીએ ફરે. રંગવાનું કામ મળે તે લાવે અને તેમાંથી આજીવિકા ચલાવે. ભગતને ચાર સંતાનો હતાં. તેમાં બીજું સંતાન ચુનીલાલ જેને સૌ 'ચુનિયો' કહી બોલાવે અને એ જ પૂજ્ય શ્રીમોટા થયા. આજુબાજુનો પડોશ દરજી-મોચીનો પણ તેમની વચ્ચે આ ચીંથરે વીંટ્યું રતન પૂજ્ય શ્રીમોટા જેવા સંત પાક્યા.

પિતાની આર્થિક સ્થિતિ બહુ જ સામાન્ય હતી. કંગાલિયતમાં જ ઉછેર થયો એમ કહીએ તો ચાલે. પાંચ વર્ષના ચુનીલાલ થયા. એ ઉંમરે બાળમાનસને ચોટ લાગે એવો પ્રસંગ બન્યો. અને જીવનની ઉન્નતિની કેડી તેમને મળી ગઈ. કાલોલ ગામમાં સરિયામ રસ્તા પર જ તેમનું ઘર હતું. રાત્રે રોજ ફરતા પોલીસો હુક્કા અને તાપણા માટે આશારામ ભગત સાથે ઘડીક વિસામાનું

સખ્ય જામેલું. એ સમયે બહારવટિયા, લૂંટારાની બૂમ એ પ્રદેશમાં ખૂબ જ હતી અને તેથી જ પછાત કોમના લોકો માટે ઘેર આવનાર મહેમાનનું નામ પોલીસચોકીએ નોંધાવવું ફરજિયાત હતું. એક વખત રાત્રિના સમયે આશારામના ઓટલે સૂતેલા મહેમાનનું નામ પોલીસચોકીએ કેમ નોંધાયું નથી એવી પોલીસ જમાદારની પૂછતાછના જવાબમાં આશારામે કહ્યું કે 'એવી ખબર તો કોળી વાઘરીને આપવાની હોય.' જમાદાર આ જવાબથી ઊકળી ઊઠ્યો અને આશારામને ગડદાપાટુનો માર મારી પોલીસચોકીએ લીધા. નાનકડો ચુનીલાલ આ દશ્યનો સાક્ષી બન્યો. તેના દિલને ચોટ વાગી. ગભરાઈ ગયેલા ચુનીલાલને શું કરવું તેની સમજ ના પડી. પણ તરત જ તેમને સૂઝ્યું. મા નાગરવાડામાં જેનું કામ કરતી અને પોતાના કુટુંબ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા રાવસાહેબ મનુભાઈને ત્યાં દોડી જઈ રડતાં રડતાં પિતા પર વીતેલી વાત કહી સંભળાવી. રાવસાહેબે તુરત જ થાણા પર જઈ તપાસ કરી ફોજદારને બોલાવી કેસ કરવાની ધમકી આપી. આશારામ છૂટ્યા. પરંતુ એ જ ક્ષણથી ચુનિયાને મનમાં વસી ગયું કે હડધૂત અને અપમાનિત ગરીબો તરીકે ઉપેક્ષા ન ભોગવવી હોય અને સૌ આપણને સલામ ભરતા થાય, નમતા આવે એવું કરવું હોય તો 'મોટા' થવું જ જોઈએ, અને મોટા થવા ભણવું પણ જોઈએ.

ઘરમાં અસહ્ય ગરીબી, તેમાં ભણવાની વાત કેમ કરાય? છતાં મનથી નિશ્ચય કરેલો. ઈ. સ. ૧૯૧૨માં કાલોલમાં ઍંગ્લો વર્નાક્યુલર મિડલ સ્કૂલમાં હેડમાસ્તરે બાળક ચુનિયાનું હીર પારખ્યું. તેને ફક્ત દોઢ વર્ષમાં ચાર ધોરણનો અભ્યાસ કરાવ્યો.

આગળ ભણવા માટે સ્થિતિ તો સારી ન હતી તો શાળામાં માસિક રૂપિયા દોઢના પગારથી પટાવાળાનું કામ શરૂ કર્યું. સ્કૂલ વાળવાનું, પાણી ભરવાનું, ટપાલ લાવવા-લઈ જવાનું કામ કરવા છતાં તેઓ દર વર્ષે પ્રથમ નંબર મેળવી ઈનામ પ્રાપ્ત કરતા. અને શિક્ષકોની પણ સારી એવી ચાહના મેળવી.

સાતમા ધોરણમાં આવતાં શ્રમની સાધના વધી. ગરીબાઈમાંથી હળવાશ મેળવવા તેમને કમાવાનું મન થયું. પિતા આશારામ ગોધરામાં રંગરેજનું કામ કરતા તેની બાજુમાં વેપારીભાઈની દુકાને રૂપિયા પાંચના પગારથી કામ કરવા લાગ્યા. ખેડૂતો પાસેથી અનાજ જોખી લેતાં સિફતથી દાંડી નમાવી મણ દીઠ બશેર અઢી શેર અનાજ વધારે જોખી લેવાની કળા શેઠે શીખવી, પણ ભણવામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર આ વિદ્યાર્થી નીતિમત્તાના પાઠમાં પણ પ્રથમ જ આવ્યો. તેને આવી અપ્રામાણિકતા ન રુચિ. શેઠને ખબર પડી. શેઠે ઠપકો આપ્યો. તેમણે નોકરીને રામ રામ કરી કમર કસીને ભણવાનું શરૂ કર્યું. કાલોલમાં તો પાંચ ધોરણ સુધીના જ અભ્યાસની સગવડ હતી. વધુ અભ્યાસ માટે પેટલાદ જવું પડે. એમણે તો નક્કી કર્યું કે ગમે તે થાય પણ આગળ વધવું તો છે જ.

પેટલાદ ભણવા માટે ગયા. રંગવાળા શેઠને ત્યાં જાનકીદાસજી મહારાજ પધારતા. હાઈસ્કૂલમાંથી છૂટી ચુનીલાલ અવારનવાર એમની સેવા કરવા ઊપડી જતા. મહારાજ જે કાંઈ પૂછે તેનો જવાબ આપે. બીજું કશું જ બોલવાનું નહીં. બીજાઓ સાથે સત્સંગ સાંભળે. શ્રી જાનકીદાસજી મહારાજે ચુનીલાલને મેટ્રિકના વર્ષ દરમિયાન ભયંકર માંદગી આવશે એવી આગાહી

કરેલી. તેમ જ ચુનીલાલ માટે અભ્યાસ પૂરો કરવાની વ્યવસ્થા ગોઠવી આપેલી. પેટલાદમાં ભણવાનું પૂરું કરી અમદાવાદ ગયા. જ્યાં ખરેખર મહારાજશ્રીએ કરેલી આગાહી મુજબ મૅટ્રિકના વર્ષ દરમિયાન જીવલેણ માંદગીમાં તેઓ પટકાયા.

મૅટ્રિકની પ્રિલિમિનરી પરીક્ષા નજીક હતી અને માંદગી આવી. પ્રથમથી જ અભ્યાસની લગની. ખંત અને મહેનત તેમ જ તેમની ઉચ્ચ કક્ષા જોઈને શિક્ષકોએ તેમને માટે ખાતરી આપી અને તેમને ફૉર્મ મળ્યું. શ્રી જાનકીદાસજી મહારાજના સત્સંગ અને સેવાના પ્રભાવથી ખાતરી થઈ કે સદ્ભાવનાથી સેવાયેલ સત્સંગ ફળે જ છે. એ પછી સાધનામાં પ્રવેશ્યા પછી અવારનવાર શ્રી જાનકીદાસજી મહારાજ પાસે પોતાની સાધનાની ગૂંચો અને મુશ્કેલીઓ પ્રાર્થનાભાવે મનમાં ધારણ કરીને બેસતા. બીજા સાથેની મહારાજશ્રીની વાતચીતમાંથી તેમને ઉકેલ મળી જતો.

મૅટ્રિકની પરીક્ષા આપી. પેટલાદ હાઈસ્કૂલમાં ચુનીલાલ પ્રથમ આવ્યા અને પારિતોષિક પણ મળ્યું.

ભાવિ તો આશાસ્પદ હતું. આગળ ભણવાની ઇચ્છા પ્રબળ હતી. કોઈ શહેરની કૉલેજમાં ભણવા જવું પડે પણ ખર્ચની વ્યવસ્થા કેમ થાય એ પ્રશ્ન હતો. પરંતુ પ્રભુકૃપા અને પુરુષાર્થ બંને ભેગાં મળે તો કશું જ અશક્ય નથી. ચુનીલાલને પણ અનુભવ થયો કે ઉચ્ચ ભાવના હોય ત્યાં સહારો મળી જ રહે છે.

તેઓ વડોદરા કૉલેજમાં દાખલ થયા. દૃષ્ટિ સમક્ષ આદર્શ હતો, શ્રમની સાધના હતી. મદદ તો મળી પરંતુ મળેલી મદદનો જરા જેટલો દુર્વ્યય ન થાય એ સંકલ્પ હતો. અગવડ વેઠવી પડે

તો ભલે પણ ખોટી લાલચને વશ થઈ સગવડની જરા પણ ઈચ્છા કરવી નહીં, અને તો જ પ્રભુ પ્રસન્ન થાય, કંઈક આવા વિચાર સાથે વડોદરા કૉલેજમાં ભણવાનું શરૂ કર્યું. પરંતુ રહેવાનો પ્રશ્ન વિકટ હતો. હૉસ્ટેલમાં રહી ખોટું ખર્ચ કરવું ન હતું. કાલોલના એક નાગરબંધુ વડોદરા કૉલેજમાં ફેલો હતા. તેમને મળીને તેમની રૂમની સાફસૂફી કરવાની શરતે તે ભાઈએ સાથે રહેવાની હા પાડી. હવે સવાલ હતો જમવાનો. અને તે પણ ઓછામાં ઓછા ખર્ચથી ગોઠવાય તેવો માર્ગ શોધવાનો હતો. વડોદરામાં ચાંપાનેર દરવાજા પાસેની વૈષ્ણવ હવેલીના મુખિયાજીને મળીને ભગવાનનો પ્રસાદ રોજ એક પાતર મેળવવાની વ્યવસ્થા કરી. તેની રોજની કિંમત દોઢ આનો ચૂકવવાની હતી. જમવાનું ચોખ્ખું મળે અને ચોખ્ખા ઘીવાળું મળે. પણ આ સહેલાઈથી મળે તેમ ન હતું. રોજ સવારે અઢી માઈલ ચાલીને જવું પડતું. જતાં અને આવતાં અઢી માઈલ કાપવા પડતા. એ સમયનો પણ સદુપયોગ વાંચન માટે કરવાનું ચૂકતા નહીં. મંદિરે જઈ, નાહી, જમીને ફરી પાછા રૂમ પર આવી જતા.

આ રીતે કૉલેજનું પ્રથમ સત્ર તો પૂરું થયું પરંતુ ચુનીલાલનાં આધ્યાત્મિક મા પ્રભાવતીબહેનને ખબર પડતાં તેમણે એ બંધ કરાવ્યું.

કૉલેજ હૉસ્ટેલમાં નાગર વિદ્યાર્થીઓ 'ચા ક્લબ' ચલાવતા. તેમને માટે ચા બનાવવાનું વગેરે કામ તેમણે ઉપાડી લીધું. અન્ય વિદ્યાર્થીઓ તેમને મદદ કરતા. ચુનીલાલને તો એક જ લગન હતી - ભણવાની, અને એ માટે કોઈ પણ કામ કરવાની નાનપ કે શરમ તેમને લાગી ન હતી. સૌનો સ્નેહ મળતો, સહાય

મળતી અને પોતાનું કામ પણ માનભેર થતું. આમ માર્ગ મળ્યો પરંતુ એ માર્ગમાં પ્રલોભનો પણ આવ્યાં. કૉલેજના વિદ્યાર્થીઓ તો છૂટથી સિનેમા જોતા. ચુનીલાલને પણ એકલા સિનેમા જોવા મન થતું પણ ટિકિટના પૈસા કાઢવા પડે. તેમના દિલમાં મંથન થયું. છેવટે નિશ્ચય કર્યો. મિત્રો સિનેમા જોવા લઈ જાય - તેમની ટિકિટના પૈસા આપવા તૈયાર થાય તોય ન જવું. આ રીતે સિનેમા જોવાનું પ્રલોભન ટાળ્યું. માનસિક ભૂમિકા પણ તૈયાર થઈ. કદી સિનેમા જોવાનો વિચાર પણ ન જાગ્યો. સંઘર્ષ દ્વારા સંયમની સાધના આપોઆપ થઈ.

કૉલેજના અભ્યાસ દરમિયાન બી.એ.ના છેલ્લા વર્ષમાં તેઓ હતા અને અભ્યાસ પૂરો કરીને નોકરી કરવાના ખ્યાલથી સ્વપ્ન સેવવા લાગ્યા. જીવનમાં સાચી જાગૃતિ અને કાર્યક્ષેત્રનાં મંડાણ મંડાયાં. રોલેટ ઍક્ટ સામે સમગ્ર દેશમાં ખળભળાટ થયો. પૂ. ગાંધીજીએ રોલેટ ઍક્ટ સામે પડકાર ફેંકી સત્યાગ્રહ જાહેર કર્યો. સરકારી કચેરીઓ, કોર્ટોનો બહિષ્કાર કરવાનો પૂ. ગાંધીજીએ આદેશ આપ્યો. અને નવયુવાનોને-વિદ્યાર્થીઓને શાળાકૉલેજનો ત્યાગ કરવા હાકલ કરી.

ચુનીલાલના દિલમાં ફરી મંથન જાગ્યું. દેશની દશા આવી હોય ત્યારે સુખચેનની અપેક્ષા આપણામાં જાગે જ કેમ? કમાવાનાં, નોકરીનાં સ્વપ્નો સરી ગયાં અને તેમનો યુવાન આત્મા થનગની ઊઠ્યો. દેશની આઝાદી માટે યાહોમ કરવાની ઝંખના તીવ્રપણે જાગી. અભ્યાસ અધૂરો મૂક્યો અને લડતમાં ઝંપલાવવા તૈયાર થઈ ગયા. મનમાં દ્વિધા તો થઈ. એક બાજુ જીવનની અભિલાષાઓ હતી, આર્થિક સંકડામણમાંથી મુક્ત

થવા નોકરીનું પ્રલોભન હતું, કુટુંબને તારવાની મહેચ્છા હતી, સ્નેહી સ્વજનોના કુટુંબનું શ્રેય કરવાની સલાહ હતી. ખૂબ મનોમંથન થયું.

પિતાજીને પોલીસે ગડદાપાટુનો માર માર્યો હતો તે દશ્ય નજર સામેથી દૂર થતું નહોતું અને પરિણામે 'મોટા' થવાની પ્રબળ ઝંખના જાગેલી તે પૂર્ણ કરવા આજ સુધી કમર કસી તેનું શું ? બીજી બાજુથી દેશની ગુલામીનું ચિત્ર નજર સામે ઊઠી આવ્યું. શ્રેય કે પ્રેયની પસંદગી કરવા મનમાં તુમુલ યુદ્ધ અનુભવ્યું. પ્રભુકૃપાથી જીવનના પ્રવાહનું વહેણ બીજી બાજુ વળ્યું. દેશની આઝાદી માટે પોતાની અભિલાષાઓ સમર્પિત કરી. સ્વતંત્ર ભારતની મનોહર કલ્પનાથી એમનું દિલ નાચી ઊઠ્યું અને કૉલેજ શિક્ષણ અપૂર્ણ રહ્યું. 'દેશની સેવા કરવાનો આપણો ધર્મ છે' એમ તેમને લાગ્યું.

૧૯૨૦ની કલકત્તા કૉંગ્રેસમાં મહાત્મા ગાંધીજી અસહકારનો ઠરાવ મૂકે તે પહેલાં ચુનીલાલ ભગત અને શ્રી પાંડુરંગ વળામેએ વડોદરા કૉલેજનો ત્યાગ કર્યો. આમ સાથે જ કૉલેજ-ત્યાગ કરનાર બંને વ્યક્તિ મટી વિભૂતિ બન્યા. મહાન સંતોની કોટિમાં ગણાયા એ કેવો યોગાનુયોગ ! ચુનીલાલ ભગત 'પૂજ્ય શ્રીમોટા' બન્યા અને શ્રી પાંડુરંગ વળામે 'શ્રી રંગ અવધૂત મહારાજ' બન્યા !

શાળા-કૉલેજ છોડનાર વિદ્યાર્થીઓના શિક્ષણ માટે ગાંધીજીએ બીજો વિકલ્પ સૂચવ્યો. વિદ્યાર્થીઓનું શિક્ષણ અધૂરું તો ન જ રહેવું જોઈએ. સરકારી ચીલાચાલુ શિક્ષણને બદલે તેમણે રાષ્ટ્રીય શિક્ષણની નવી યોજનાની વિચારણા કરી અને

અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ચુનીલાલ ભગત વિદ્યાપીઠના વિદ્યાર્થી બન્યા. ખર્ચ માટે એમણે આચાર્યશ્રી પાસે સફાઈકામ માગી લીધું. 'નવજીવન'ની નકલો વેચવાનું કામ દર અઠવાડિયે મળી રહેતું અને તેમાંથી માંડ ખાધાખોરાકીનો ખર્ચ નીકળતો.

ગાંધીજી એક વાર વિદ્યાપીઠની મુલાકાતે આવ્યા. વિદ્યાર્થીઓને સંબોધતાં તેમણે કહ્યું કે, 'તમે બધા જ કૉલેજ છોડી દેશના કામ માટે લાગી જાઓ અને ગામડાંમાં જઈ ગ્રામજનોને દેશની પરિસ્થિતિ સમજાવો. તમે એક ડિગ્રીનો મોહ છોડી બીજી ડિગ્રીના મોહને વળગ્યા છો. તમને યોગ્ય લાગે તો વિદ્યાપીઠનું શિક્ષણ છોડી દેશના કામ માટે જાઓ.'

ગાંધીજીના આદેશાત્મક સૂચનની અસર ઘણા વિદ્યાર્થીઓને થઈ. ચુનીલાલને તો આ અપીલ સ્પર્શી ગઈ. તેમણે તો ગામડાંમાં જઈ સેવા કરવાનો નિર્ધાર કર્યો. ગામડાંના કાર્યની રૂપરેખા હજુ નક્કી થઈ ન હતી. ચુનીલાલને તેથી ફરી વિદ્યાપીઠમાં આવવું પડ્યું. વિદ્યાપીઠમાં સ્નાતક થવાને વાર હતી ત્યાં ગાંધીજીનો ફરી વિદ્યાર્થીઓ માટે આદેશ આવ્યો અને યુવાનો વિદ્યાપીઠનું શિક્ષણ છોડી ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમને અમલી બનાવવા સૌ લાગી ગયા.

ચુનીલાલ હરિજનસેવાના કાર્યમાં લાગી ગયા. ગાંધીજીએ તો અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવા ઝુંબેશ શરૂ કરી. ગાંધીજી તો કહેતા કે અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે – તેથી જ ચુનીલાલને તો એ કામ પસંદ પડ્યું. નડિયાદના હરિજન આશ્રમમાં જોડાયા. અંત્યજ સેવામંડળે સ્થાપેલ આશ્રમની

વ્યવસ્થા અને વિદ્યાપીઠ સંચાલિત હરિજન શાળા એમ બે કામ એકીસાથે ઉપાડી લીધાં. હરિજન વિદ્યાર્થીઓને શિસ્ત, સ્વચ્છતા, પાણી ભરવાનું, રાંધવાનું એવાં કામ પોતે જાતે કરીને શીખવતા. ગામના સવર્ણોને આ ગમતું નહીં તેથી દમદાટી દેતા. પણ ચુનીલાલ ડર્યા વગર નિર્ભયતાથી કામ કરવા છતાં વિદ્યાર્થીઓની ચિંતામાં તેમને ફેફરીનો રોગ લાગુ પડ્યો. હરિજન પ્રવૃત્તિમાં ભાગ લેતા હતા તેથી જ્ઞાતિ બહાર મૂકવાની હિલચાલ પણ શરૂ થયેલી જે અંતે તો નિષ્ફળ નીવડી.

ફેફરીની માંદગીમાં બે વાર નર્મદાતટે આરામ માટે ગયા. મોખડી ઘારની પાર રણછોડદાસજીનું મંદિર છે ત્યાં એક સાધુ-મહાત્માએ ફેફરીના રોગ માટે આશીર્વાદ આપી કહ્યું કે ભગવાનના નામસ્મરણથી રોગ જશે. તેમ જ એક વર્ષ પછી તને સદ્દગુરુ મળશે. ચુનીલાલને નામસ્મરણથી રોગ મટી જાય એ વાત ગળે ઊતરી નહીં.

નબળા મનની, લાગણીપ્રધાન સ્ત્રીના જેવો રોગ પોતાને થયો તેની તેમને શરમ આવતી. કંટાળી જઈને જીવનનો અંત આણવા ગરુડેશ્વર આગળથી ઊંચી ભેખડ પરથી મા નર્મદાના ખોળે પડતું પણ મૂક્યું. નર્મદામૈયાના પ્રવાહનો કોમળ, શીતલ સ્પર્શ પગને થયો ત્યાં પાણીમાં પ્રચંડ વમળો જાગ્યાં. ચુનીલાલને ઉછાળીને ભેખડથી દૂર ફેંકી દીધા. વમળોની વચ્ચે અલૌકિક દર્શનનો અનુભવ થયો. આમ અદ્દભુત રીતે બચી ગયા. એ જ ક્ષણે તેમને થયું કે પ્રભુકૃપાથી મારો જન્મ કંઈ કરવા સારુ છે. એ જ ઘડીથી પ્રભુ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા અડગ બન્યાં.

તેઓ 'પ્રભાબા'ને ત્યાં રહેતા હતા. એક દિવસ ત્રીજા માળના

દાદરા પરથી ફેફરીના હુમલાથી ગબડતા ગબડતા પરસાળમાં પછડાયા! હુમલો શાંત થયો. એટલે નર્મદાતટે મળેલ મહાત્માનાં દર્શન થયાં. તેમણે ફરી ભારપૂર્વક પ્રભુસ્મરણ કરવા કહ્યું. શ્રદ્ધા રાખવા કહ્યું. મહાત્માના દર્શનથી ઊંડા વિચારમાં પડી ગયા. નામસ્મરણ વિશે મનમાં ગડમથલ શરૂ થઈ. પ્રભાબાને વાત કરી. પ્રભાબા તો ખુશ થયાં અને કહ્યું, 'અલ્યા, તું બડભાગી છે! મહાત્માનાં દર્શન કરવાનું કોને મળે ? તારું મોટું ભાગ્ય જ કહેવાય. શંકાકુશંકા છોડી ભગવાનનું સ્મરણ કર. ઊઠતાંબેસતાં, હરતાંફરતાં, ખાતાંપીતાં, બધું જ કામ કરતાં એકમાત્ર ભગવાનનું નામસ્મરણ કર્યા કર, એમાં મગ્ન બની જા, તારો રોગ જરૂર મટી જશે.'

ચુનીલાલને એ વખતે સાધુમહાત્માનાં વચનો કરતાં પોતાની આધ્યાત્મિક માનાં વચનોમાં વધુ શ્રદ્ધા હતી. બીજી અડગ શ્રદ્ધા હતી ગાંધીજી પર. તેમણે તો પત્ર દ્વારા ગાંધીજીને પુછાવ્યું કે નામસ્મરણથી રોગ મટે ખરો ? ગાંધીજીએ જવાબ આપ્યો કે ભગવાનનું સ્મરણ કરવાથી રોગમાત્ર મટી જાય.

ચુનીલાલની નામસ્મરણની શ્રદ્ધા આ રીતે બલવત્તર બની. નામસ્મરણ શરૂ કર્યું. સમય વધારતા ગયા. જે દિવસે ભગવાનનું સ્મરણ ન કરી શકે તે દિવસે ખાવું નહીં એવો દૃઢ સંકલ્પ કર્યો. આ સંકલ્પ ફળ્યો. નામસ્મરણ વધતું ચાલ્યું અને ઈશકૃપાથી તેમનો રોગ દૂર થયો. તેઓ કહે છે કે નામસ્મરણથી રોગ તો મટ્યો, પણ બીજો ફાયદો મનમાં થયો. આંતરિક રીતે ગુણોનો વિકાસ થવા લાગ્યો. આંતરબાહ્ય બંને રીતે અનુભવ થયો. નામસ્મરણમાં દિલ લાગતું જ ગયું. દિલમાં આનંદની અનુભૂતિ

થતી ગઈ અને જીવનનું ધ્યેય જાણે મળી ગયું હોય તેમ લાગ્યું. નામજપની અખંડ સાધનામાં તેમને આનંદ આવવા લાગ્યો. નામજપ દ્વારા જ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શકાય છે તેની પ્રતીતિ થવા માંડી. દિવસનો મોટો ભાગ તેમ જ રાત્રિના સમય દરમિયાન પણ નામજપની લગની લાગી. ૧૬-૧૬ કલાક સુધી નામસ્મરણ થવા લાગ્યું. અખંડ નામસ્મરણ સાધનાનું તપ સિદ્ધ થયું. એ જ અરસામાં અંત્યજ સેવા મંડળે બોરસદ તાલુકાના બોદાસ ગામે અંત્યજ આશ્રમ શરૂ કરવાનો નિર્ણય કર્યો. ચુનીલાલ સૌ કાર્યકરોની સાથે ત્યાં ગયા. આશ્રમથી દૂર સૌ ખેતરમાં સૂવા માટે ગયા. ઠક્કરબાપા એક બાજુ સૂતા હતા. રાતે એક ઝેરી નાગ ચુનીલાલના સાથળે કરડ્યો. મગજમાં સખત ઝાટકો લાગ્યો. ગાંધીજીની સૂચના યાદ આવી કે જેને સાપ કરડ્યો હોય તેને બેભાન થવા દેવો નહીં. જાગતો જ રાખવો જોઈએ. તેમણે જાગતા રહેવા માટે મોટેથી 'હરિ ઓમ'ના જપ જપવા માંડ્યા. બીજા બધા જાગી ગયા. સૌને ખબર પડી. તેમને સાપ ઉતારવા માટે બેત્રણ ગામોમાં લઈ જવામાં આવ્યા. પરંતુ કશું પરિણામ આવ્યું નહીં. છેવટે ડૉ. કૂકના દવાખાને આણંદ લઈ ગયા. ડૉક્ટરે તેમની હોજરીમાંથી ઝેર કાઢી નાખી તપાસ કરાવી. ડૉક્ટર કૂક નવાઈ પામ્યા. ઝેર ખૂબ જ કાતિલ હતું. ચુનીલાલની જગ્યાએ બીજું કોઈ હોત તો બચી જ શક્યું ન હોત. ડૉક્ટરે પણ કહ્યું કે ઈશ્વરના સતત સ્મરણથી-ઈશ્વરકૃપાથી જ આમ બન્યું છે. એ વખતે સતત ૭૬ કલાક સુધી અખંડ નામજપ ચુનીલાલે કર્યા હતા. આમ સર્પદંશ આશીર્વાદ રૂપ થયો. અને પછીથી તો અખંડ નામસ્મરણ સહજ થવા લાગ્યું.

સામાન્ય રીતે માણસને સહેલાઈથી સદ્‌ગુરુ મળતા નથી. જિંદગી આખી વીતી જાય તોપણ ભાગ્યે જ સદ્‌ગુરુ સાંપડે, પરંતુ પ્રભુકૃપા હોય તો સદ્‌ગુરુ શિષ્યને સામેથી શોધતા આવે છે. ચુનીલાલ ભગત માટે એવું જ બન્યું. અમદાવાદથી એક ભાઈ નડિયાદ આવ્યા અને ચુનીભાઈને મળ્યા અને કહ્યું કે અમદાવાદ એલિસબ્રિજ પાસે, સાબરમતીના કિનારે એક અવધૂત રહે છે. બાલયોગી મહારાજ કહેવાય છે. ધૂણી ધખાવીને મસ્તીમાં પડી રહે છે. જે કોઈ તેની પાસે આવે તેને વારંવાર કહે છે: 'નડિયાદથી ચુનીલાલ ભગતને બોલાવો.' આમ કહી તે ભાઈએ ચુનીલાલને એક વાર અમદાવાદ બાલયોગી પાસે જવા કહેલું અને તે માટે જે કાંઈ ખર્ચ થાય તે આપવા તત્પરતા બતાવી. બાલયોગી મહારાજને ચુનીલાલ ભગત કદી મળ્યા ન હતા છતાં તેનું નામ દઈને કઈ રીતે બોલાવતા હશે તેનું તેમને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ અમદાવાદ ગયા. બાલયોગી મહારાજને શોધી કાઢ્યા. તેમની પાસે ચારપાંચ દિવસ રહ્યા. તેમની આજ્ઞા મુજબ સાધના કરી. ચુનીલાલ ભગત પાછા નડિયાદ આવ્યા. મનમાં સંકલ્પ જાગ્યો: બાલયોગીજી મહારાજ નડિયાદ આવે અને તેમને સાધનામાં દીક્ષિત કરે. તેમના સંકલ્પ પ્રમાણે બાલયોગીજી મહારાજ નડિયાદ આવ્યા. અને ચુનીલાલ ભગતને સાધનાની દીક્ષા આપી. રાત આખી સાધના ચાલે.

પ્રથમ દિવસે બાલયોગીજી મહારાજે ભ્રૂકુટિની વચ્ચે દૃષ્ટિ સ્થિર રાખી ધ્યાન ધરવાનું કહ્યું. 'વિચારો બિલકુલ ન આવવા જોઈએ' એવો આદેશ આપ્યો. ચુનીલાલ ભગતને તો વિચારો આવતા બંધ ન થયા. એટલે બાલયોગીજી મહારાજે ગુસ્સે થઈને

એક લોખંડનો સળિયો કપાળ પર ઝીંક્યો. ચુનીલાલ ભગત બેભાન થઈ ગયા. ભાનમાં આવતાં ૨૦ મિનિટ થઈ ગઈ. પરંતુ સ્થળકાળનું ભાન ભુલાઈ ગયું. મનની સ્થિતિ સંકલ્પશૂન્ય બની ગઈ. આ સ્થિતિમાં તેઓ ત્રણ દિવસ સુધી રહેલા.

દીક્ષાની પૂર્ણાહુતિને દિવસે બાલયોગીજી મહારાજે ચુનીલાલ ભગતને કહ્યું: 'અલ્યા છોકરા, તારા ગુરુમહારાજ તો કેશવાનંદજી ધૂણીવાળા દાદા છે. તેમની પ્રેરણાથી તને સાધનામાં દીક્ષિત કરવા હું આવ્યો છું. મધ્ય પ્રદેશમાં ઇટારસી આગળ સાંઈખેડા જઈ તું તેમનાં દર્શન કરી આશીર્વાદ લે. પછી ગુરુમહારાજ જે આદેશ આપે તે પ્રમાણે તારે કરવું!'

બાલયોગીજી મહારાજ તો આમ કહી તેમને સાધનામાં દીક્ષિત કરી ત્યાંથી ગયા. ચુનીલાલ ભગત તો વિચારમાં પડી ગયા. ગુરુ મહારાજ પાસે સાંઈખેડા જાય અને બધું જ છોડી દેવાનો આદેશ આપે તો શક્ય તેટલી આર્થિક વ્યવસ્થા કરી. . . મનથી બધું જ છોડવાની તત્પરતા દાખવી, સાંઈખેડા પહોંચી ગયા. ધૂણીવાળા દાદાને જઈ મળ્યા. તેમની સાથે રહ્યા અને તેમની શક્તિસિદ્ધિનો પરિચય થયો. બારેક દિવસ ત્યાં રહ્યા. છેલ્લે દિવસે દાદાએ એક નાળિયેર લઈ જોરથી ચુનીલાલના કપાળ તરફ ફેંક્યું. કપાળમાં વાગ્યું અને આદેશ આપ્યો: તું તારે ઘેર ચાલ્યો જા. તું પ્રાર્થના કર્યા કરજે. જ્યાં છે ત્યાં કામ કર. દેશસેવાનું ઝનૂન મૂકવું પડશે. પ્રભુ પ્રીત્યર્થે તારે કામ કરવાનું છે. બીજા કોઈને માટે નહીં. રાગદ્વેષથી સંપૂર્ણ મુક્તિ પામ્યા વિના કોઈને-સેવાનો – કોઈ પણ પ્રકારની સેવાનો અધિકાર નથી.

ચુનીલાલ ભગત તો બધું જ છોડવું પડે તો તેની તૈયારી સાથે જ આવેલા. હવે તો સાધનાની દિશા મળી ચૂકી. સતત અખંડ નામસ્મરણ ચાલુ જ હતું. છતાં મનની તૃષા છીપી ન હતી. તેમણે જુદા જુદા અવધૂતોનો પરિચય સાધવા માંડ્યો. સાધનામાં દૃઢતા તો આવતી જતી હતી. જ્યાં રાતવાસો કરે ત્યાં શય્યા તો 'ભૂમિતલ' હતી. નડિયાદના સંતરામ મંદિરમાં અનેક સાધુમહાત્માઓનો સત્સંગ કરવાનું તેઓ ચૂકતા નહીં. વર્ષમાં એક વાર એકાદ માસ જેટલો સમય કાઢી ક્યાંક એકાંત, નિર્જન, વસ્તીથી દૂર એવા સ્થળે એકાંતિક સાધના માટે ચાલ્યા જતા.

સાધનાના માર્ગે તે આગળ વધવા માંડ્યા. તેમાં વિઘ્નો પણ એટલાં જ આવતાં રહ્યાં. પ્રલોભનો પણ મળે જ. મેલી વિદ્યાના ઉપાસક એવા એક પંડિતજીએ તેમને પ્રલોભન આપી એ માર્ગે લઈ જવા કોશિશ કરી પણ તેમને નિષ્ફળતા મળી. ચુનીલાલ ભગતને એ માર્ગ ગળે ઊતર્યો જ નહીં. તેમને લાગ્યું કે મેલી વિદ્યાની સાધનાથી સાકારરૂપ જો તેનો વિષય ધારણ કરી શકે તો ભગવાન પ્રત્યેની ઊર્ધ્વગામી સાધનાનો વિષય સાકારરૂપ કેમ ધારણ ન કરે ? આવા વિચારથી એમની સાધનાના અભ્યાસમાં વિશ્વાસ અને શ્રદ્ધાથી નવો પ્રાણ પુરાયો.

એક વખત એકાંતિક સાધના માટે નર્મદાના ધૂંવાધાર સ્થળે ગયા. ધોધના ભયંકર અવાજથી સામાન્ય લોકો ગભરાઈને ભાગતા હોય, ત્યાં ડાબી બાજુએ એક ગુફા જેવું જોયું – તેમાં બેસીને સાધના કરવા અંતરમાંથી સ્ફુરણા થઈ. ધ્યાનમાં બેઠા અને આખો દિવસ એ ગુફામાં પસાર કર્યો.

આ ઉપરાંત મધ્ય પ્રદેશમાં ઉપરથી દોરડું બાંધીને ઊતરાય

એવા ખડકમાં પેદા થયેલા કૂવા જેવા સ્થળે ૨૪-૨૫ દિવસ આહારપાન વિના સ્વમૂત્ર પીને રહેલા. કશું જ પાણી પણ મળવાની ત્યાં શક્યતા હતી નહીં. આ રીતે ચુનીલાલ ભગતે અઘોર પંથની સાધના પણ કરી.

આમ બધી જ સાધનામાં આગળ વધી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા પ્રયત્ન કરી રહ્યા હતા. તે દરમિયાન તેમનાં માતુશ્રીને મનમાં પોતાના પુત્રનું આ જાતનું વર્તન રુચતું ન હતું. પોતાનો પુત્ર સ્મશાનમાં એકલો સૂઈ રહે. . . દેશસેવાનું વ્રત લઈ સ્વેચ્છાએ ગરીબી સ્વીકારે એ ગમતું નહીં. માતાને થયું કે પુત્રને જો સંસારના બંધનમાં બાંધી લઈએ તો ઠેકાણે આવશે. માતાએ તો પુત્રને પૂછ્યું. તેમણે ના પાડી છતાં માતા માની જ નહીં. તેણે તો લગ્ન કરાવવાની તૈયાર કરવા માંડી.

માતાએ નડિયાદ પધારેલા ગોદડિયા સ્વામી પાસે જઈ ફરિયાદ કરી.

માતાની તીવ્ર લાગણી અને માગણીને, આજ્ઞાપાલનના હેતુથી સ્વીકારીને ચુનીલાલ ભગત લગ્ન માટે તૈયાર થયા. લગ્ન લેવાયાં. લગ્નમંડપમાં તેમણે મનમાં ને મનમાં પ્રાર્થના કરવા માંડી : 'હે પ્રભુ ! તેં આ શું નાટક રચ્યું છે ? લગ્ન તો મારે તારી સાથે કરવાં હતાં. તેને બદલે આ શું થઈ રહ્યું છે પ્રભુ ! તારી ઇચ્છા પૂર્ણ થાઓ.'

પ્રાર્થના કરતાં કરતાં ભાવસમાધિમાં મગ્ન બની ગયા. લગ્ન બાદ કન્યા નાની હતી તેથી તેને પિયર વળાવી દેવામાં આવી. કન્યા ઘેર ગઈ અને સખત બીમારીમાં પટકાઈ. પાંચેક માસમાં તેનું અવસાન થયું. ચુનીલાલ ભગતની સ્થિતિ ભક્ત નરસિંહના

જેવી જ થઈ. 'ભલું થયું ભાંગી જંજાળ'. . . . સંસારની જાળમાંથી તો આપોઆપ જ મુક્તિ મળી ગઈ.

પોતાના લગ્નપ્રસંગ માટે તેમ જ મોટા ભાઈની ક્ષયની બીમારી માટે સ્થિતિસંપન્ન માસી પાસે કરજ કરેલું દેવું કેમ ભરાશે એ ચિંતા તેમને કોરી ખાવા લાગી. માસીએ તો પછી જલદ ઉઘરાણી કરી. બેફામ શબ્દોમાં ગાળો આપવા લાગ્યાં. ચુનીલાલ ભગત નતમસ્તકે સાંભળી રહ્યા. આ પ્રસંગની ચોટ તેમને બહુ જ લાગી. તેમનું હૃદય વલોવાયું. આર્જવતાથી પ્રભુને પ્રાર્થના કરવા માંડી. સંપૂર્ણ શરણાગતિથી 'હરિને ભજતાં' . . . ભજન ઘૂંટ્યા કર્યું. એમની આર્ત હૃદયે કરેલી પ્રાર્થનાનો પ્રત્યુત્તર મળ્યો. માસીના દેવાની રકમ મનીઑર્ડર દ્વારા તેમને મળી ગઈ. ચુનીલાલની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. શ્રદ્ધા બલવત્તર બની. ઈશ્વર હાજરાહજૂર છે એ વાતની પ્રતીતિ કરાવતાં એ ભાવાશ્રુ હતાં.

ત્યાર બાદ ૧૯૩૦ના સત્યાગ્રહની લડતમાં જેલયાત્રા સ્વીકારી. જેલમાં પણ મૌન જાળવી સાધનામાં જ મશગૂલ રહેતા. તેમની સાધનાને કારણે દરોગો ફટકાની સજા કરતો જતો. ત્રાટક દ્વારા જ લાકડી વીંઝાતી અટકી જતી. જેલરને પણ તેમની પાસે કંઈ વિદ્યા હોવાની ખાતરી થઈ.

૧૯૩૨માં સમસ્ત ગુજરાતના હરિજનકાર્યની જવાબદારીભરી જગ્યા - મંત્રી તરીકેની સંભાળી. આંતરિક ગુણોનો વિકાસ તો થઈ જ ચૂક્યો હતો. નમ્રતા, ત્યાગ, પ્રેમ, પ્રામાણિકતા વગેરે દ્વારા સૌની ચાહના મળી હતી. આશ્રમવાસીઓ પણ તેમને ખૂબ જ ચાહતા. સક્રિય કાર્યકર તરીકે કામ કરતાં કરતાં ભગવાન પર

ભરોસો રાખી, શરણાગતિ સાથે પ્રભુભજન કર્યે રાખતા. ઉત્કટ નિરંતર સાધનાને પરિણામે ૧૯૩૪માં તેમને સગુણ સાક્ષાત્કાર રૂપે શ્રીકૃષ્ણનાં દર્શન થયેલાં. સને ૧૯૩૯ની રામનવમીએ અદ્વૈતનો સાક્ષાત્કાર થયો.

પછીથી તેમણે હરિજન સેવક સંઘનું કામ છોડી જે જીવ આવે તેને ઈશ્વર પ્રત્યે અભિમુખ કરવા સહાયભૂત થવા મનથી નિર્ણય કર્યો.

ચુનીલાલનાં માતુશ્રીને આ વાતની જાણ થઈ. તેમના સ્વભાવ પ્રમાણે તેમણે તેમને બોલાવી ઠપકો આપ્યો અને કહ્યું કે પાશેર ચણ ચકલાંને દાણા નાખવા મળતા નથી. તું આટલી નાની નોકરી છોડી શો જગ જીતી જવાનો છે !

ભગતે માતાને ખૂબ સમજાવ્યાં અને માતાને માસિક પાંચછ રૂપિયા મળે એવી વ્યવસ્થા કરી. માતાએ એ સમયે એક શરત મૂકી કે જ્યારે હું મરી જાઉં ત્યારે અંતઘડીએ તારે હાજર રહેવું. માતાને ભગતે એ મુજબનું વચન આપ્યું.

સિંધિયા નેવિગેશન કં.ના મેનેજર શ્રી પરસદભાઈની બે પુત્રીઓની સંભાળ લેવા ભગતને બનારસ જવું પડ્યું. પાછળથી માતાને ગંભીર માંદગી આવી. હજુ તો બનારસ આવ્યે દોઢેક માસ જ થયો હતો. બનારસ યુનિવર્સિટીનો નિયમ હતો કે વિદ્યાર્થિની સાથે વાલી રહે તો જ મકાન ભાડે મળે. તેમને મનમાં ખૂબ જ ગડમથલ થઈ. પરસદભાઈને તેમણે પુછાવ્યું કે શું કરવું. પરસદભાઈએ સૂચવ્યું કે દીકરીઓને કોઈ સંબંધી પાસે મૂકી નડિયાદ આવી જવું. ભગતને મથામણ થઈ. કોની પાસે દીકરીઓને મુકાય ? કોઈ સંજોગોમાં નડિયાદ જવાય નહીં એમ

તેમને લાગ્યું. અને આવા વિકટ સમયમાં ભગવાનને પ્રાર્થના કર્યા સિવાય બીજો કોઈ માર્ગ રહ્યો નહીં. માતાને આપેલું વચન પાળી શકાશે નહીં તેનું દર્દ એમને સાલતું હતું. તેઓએ મૌન ધારણ કરી પ્રાર્થના કરી: હે પ્રભુ ! આ મારું વચન પાળવાનું કામ તારા સિવાય કોઈ બીજું કરી શકે એમ નથી. મારા દિલનો ટેક-નિશ્ચય-નિર્ણય-મારી માતા પાસે સ્થૂળ દેહે હાજર થવા માટેનો જ છે. સાધનાથી જુદી જુદી ભૂમિકાએ ભાવના પણ સાકાર રૂપ ધારણ કરે છે. તો માતા પાસે રહેવાની મારી આ તીવ્ર ઉત્કટ ભાવના જે પૂરેપૂરી જીવંત છે તે ભાવના તારી કૃપાથી ત્યાં મારો સ્થૂળ આકાર છે એવી મારી તને પ્રાર્થના છે, સાધના સમય દરમિયાન મેં કોઈ દિવસ પ્રાર્થના રૂપે સ્થૂળ માગણી કરી નથી. તારી કૃપાથી સંકલ્પશક્તિનું સામર્થ્ય કેટલું પ્રબળ હોય છે તેનું જ્ઞાનભાન મને પૂરેપૂરું છે. મારું વચન પાળવાની ખાતર મારી માતા પાસે સ્થૂળ દેહે હાજર થવાની મારા દિલની ઉત્કટ ભાવનાને તું જ સાકાર રૂપ આપી શકે તેમ છો.

તેમની આર્દ્રતાભરી પ્રાર્થના સમયે એકાએક વીજળી બત્તી બંધ થઈ ગઈ. ભગતને હૈયે ઊગી નીકળ્યું: ''મારી માતાના શરીરનું અવસાન થયું. જીવ ગયો.'' માતાના દેહાંતની ખબર ત્યાં રહ્યે ભગતને પડી હતી. તે પછીથી નડિયાદથી આવેલ પત્રમાં લખેલું હતું કે બાએ મૂળજીભાઈને બૂમ પાડી કહ્યું કે, 'અલ્યા મૂળિયા ! જો આ ચુનિયો આવ્યો ! મૂળજીભાઈએ કહ્યું કે, 'ચુનીલાલ તો બનારસ છે' ત્યારે બા બોલ્યાં કે, 'એ તો આ રહ્યો. મારા પગમાં માથું મૂકીને બેઠો છે ! મારા શરીરે હાથ ફેરવે છે.'

ચુનીલાલ ભગતની પ્રભુશ્રદ્ધા અડગ બની. પ્રભુ કેટલો સમર્થ

છે તેનો અનુભવ આ પ્રસંગ પરથી થયો.

'આમ બાળપણમાં 'ચુનિયા' તરીકે સંબોધાયેલ ચુનીલાલ ભગત આધ્યાત્મિક વિકાસ કરી 'મોટા' બન્યા. ઘરમાં હુલામણું નામ મોટા હતું. આજે તો સમગ્ર સમાજ તેમને 'મોટા'ના નામે ઓળખે છે. નાનપણમાં કરેલો સંકલ્પ જાણે કે તેમણે ચરિતાર્થ કરી બતાવ્યો.

પૂજ્ય શ્રીમોટાએ આધ્યાત્મિક વિકાસની સાધનાની સાથોસાથ સદ્‌ગુરુની દોરવણીથી ગુજરાતમાં આશ્રમોની સ્થાપના કરી. સૌ પ્રથમ સાબરમતી આશ્રમમાં મીરાં કુટિરમાં મૌનમંદિર ચલાવતા. ૧૯૫૦માં કુંભકોણમમાં કાવેરી નદીને કાંઠે આશ્રમ સ્થાપ્યો. ત્યાર બાદ નડિયાદમાં શેઢી નદીના તટે અને સુરતમાં તાપી નદીના તટે આશ્રમો સ્થાપ્યા. બધા જ આશ્રમોમાં મૌનમંદિરો છે, બહારની દુનિયાથી અલિપ્ત થઈ, અંતર્મુખ બની સાધક નક્કી કરે તેટલા દિવસ ભગવાન પ્રત્યે અભિમુખ અને મનની વૃત્તિઓને શાંત કરી મૌન બની વિકાસ સાધે તેવો પ્રયાસ આ મૌનમંદિરના ઓરડાઓ દ્વારા કરવામાં આવે છે. સાધકની તમામ જરૂરિયાતની સગવડ પૂરી કરવામાં આવે છે.

૧૯૫૫માં સદ્‌ગુરુની પ્રેરણાથી સમાજ માટે રૂપિયા એક કરોડનું દાન ઊઘરાવી સમાજકલ્યાણ માટે વાપરવાનો સંકલ્પ જાહેર કરી વિવિધ ક્ષેત્રે દાનગંગા વહેવડાવી. માનવ એક રીતે નહીં, શારીરિક, માનસિક, આધ્યાત્મિક સ્તરે કલ્યાણ સાધી શકે તે માટે તરણસ્પર્ધા, સાઈકલિંગ, સ્નાનાગાર બાંધવા, જ્ઞાનગંગોત્રી જેવા ગ્રંથો છપાવવા, વૈજ્ઞાનિક શોધખોળ વગેરે

માટે લાખો રૂપિયાનાં દાન પૂ. શ્રીમોટા તરફથી અપાયાં છે. માનવકલ્યાણ આંતરબાહ્ય રીતે થાય, એના દ્વારા માનવગુણ અને ભાવનો વિકાસ કરી શકે એવાં એ દાન હતાં. સમાજનો સ્તર ઊંચો આવે, એ માટેના ભગીરથ કાર્યના મૂળમાં આધ્યાત્મિક અભિગમ તો દેખાય જ છે.

પૂજ્ય શ્રીમોટા કવિજીવ હતા. બી.એ.માં ગુજરાતી વિષય રાખેલ. સાધનાકાળ દરમિયાન તેમની ભાવ અભિવ્યક્તિ સવિશેષ પદ્યમાં કાવ્યસ્વરૂપે જોવા મળે છે. સરળ બાની અને છંદોબદ્ધ રચનાઓ વધુ છે. ઉપદેશ રૂપે બોલવાનું તેમને પસંદ નહોતું. તેથી જ તો મૌનમંદિરો સ્થાપી શક્યા છે. ભક્તો સાથેની પ્રશ્નોત્તરી તેમ જ ભક્તો પરના પત્રો દ્વારા સાધના વિશેનાં તેમનાં મંતવ્યો ગદ્યમાં છે. લગભગ ૭૦ જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. આ રીતે તેમનું સાહિત્ય ગદ્ય કે પદ્ય આધ્યાત્મિક કોટિનું જ છે.

ઉત્તરોત્તર તેમનું શરીર દિનપ્રતિદિન ઘસાતું જતું હતું. જ્યારે તેમને લાગ્યું કે આ શરીર હવે 'લોકકલ્યાણ' માટે ઉપયોગમાં આવી શકે એમ નથી ત્યારે શરીરનો આનંદપૂર્વક ત્યાગ કરવા નિર્ણય કર્યો. એમની ઇચ્છા હતી કે શરીરત્યાગ સમયે લોકો બહુ જાણે નહીં, કોઈ સ્મશાનયાત્રા કાઢે નહીં, ફૂલહાર ચડાવે નહીં, જીવદશાની વૃત્તિનાં બધાં માનપાનથી એ પર હતા એટલે અંત:કાળ એવો જ ઇચ્છતા હતા. તા. ૧૯-૭-'૭૬ના દિને દેહત્યાગનો નિર્ણય લઈ તા. ૨૨-૭-'૭૬ના દિને ફાજલપુર જઈ બેચાર વ્યક્તિઓની હાજરીમાં તેમણે પાર્થિવ શરીરથી મુક્તિ મેળવી.

# વચનામૃત

*

## સાધક અને દુનિયા

આપણે એટલું ધ્યાનમાં રાખવાનું કે આપણે જગતના ઋણી છીએ. જગત કંઈ આપણું ઋણી નથી. દુનિયા માટે કશુંક પણ કરવાનું આપણને મળે તો આપણાં ધન્યભાગ્ય ગણાય. જગતને મદદ કરવામાં આપણે ખરી રીતે આપણી જાતને મદદ કરીએ છીએ. જેટલા પ્રમાણમાં માનવી પોતાને ઓળખે છે અને પોતાની સેવા કરે છે તેટલા પ્રમાણમાં તે જગતને ઓળખે છે ને જગતની સેવા કરે છે. આપણી જાતને જાણવાની અને મદદ કરવાની આપણી પ્રક્રિયામાં આપણે જગતની અવગણના ન કરવી ઘટે.

વિશ્વમાં ભગવાન બધે જ ઠેકાણે વ્યાપ્ત છે. 'આ જગત ઢસડાયા કરે છે અને તમારી કે મારી મદદની તેને જરૂર છે' એવી માન્યતા સાચી નથી. શ્રી ભગવાન તો આ જગતમાં હંમેશાં હાજર કે વર્તમાન છે. તે તો અમર છે, અને સદાય પ્રવૃત્તિશીલ છે અને તેની જાગૃતિ તથા તકેદારી સતત, અનંત અને અમર્યાદ છે. આખું વિશ્વ જ્યારે ઊંઘતું હોય છે ત્યારે પણ તે તો જાગતો જ ખડો હોય છે. નિરંતર, જરા પણ અટક્યા વગર તે કામ કર્યા કરતો હોય છે. વિશ્વમાં ને જગતમાં જે જે રૂપાંતર કે ફેરફાર થયા છે કે થાય છે, તે તેણે જ કરેલા છે. તેથી આપણે કદી કોઈને

પણ ધિક્કરવા ન ઘટે.

જગત તો હંમેશ સારાનરસાનું સંમિશ્રણ રહેવાનું. આપણો ધર્મ તો નિર્બળ તરફ હમદર્દી રાખવાનો અને ખોટાં કામ કરનારને પણ ચાહવાનો છે. જગત એટલે એક ભવ્ય મહાન નીતિની કસરતશાળા કે વ્યાયામગૃહ છે. તેમાં દરેકે વ્યાયામ કરવાનો છે કે જેથી આપણે વધારે ને વધારે આત્મબળવાળા બનીએ.

આપણે કોઈ પણ જાતના ઝનૂની કે મતાગ્રહી ન થવું ઘટે, કેમ કે એવો ઝનૂની મતાગ્રહ પ્રેમનો વિરોધી છે. 'હું તો પાપને ધિક્કારું છું, પણ પાપીને નહીં' એવું આપણે ઘણી વાર લોકોને ભોળપણથી બોલી જતાં સાંભળીએ છીએ. પણ 'પાપ' અને 'પાપી' વચ્ચે ખરેખરી રીતે અંતરમાં અંતરથી ભેદ પાડી શકે એવો એક તો બતાવો ! તેને જોવાને હું તમારી સાથે તમે કહેશો ત્યાં આવીશ. એવો ભેદ સાચી રીતે પાડનારા તો જવલ્લે જ હોય. એવા તો જૂજ અપવાદરૂપ છે. બાકી આમજનતા તો એટલી ઊંચી કક્ષાએ પહોંચે એમ મારી સમજણમાં તો નથી આવતું. હા ! કેટલીક હદ સુધી એનો બાહ્યાચાર જાળવી શકે તે જુદી વાત છે. અને અલબત્ત, લોકો આગળ તો એવો આદર્શ મૂકવો એ વધારે સારું છે. કેમ કે તો જ એમની કક્ષાથી ઊંચે આવવાનો એમને માટે સંભવ રહે. તેમ છતાં માનવજાત તો એવી ને એવી રહેવાની. જો ગુણ અને ગુણી વચ્ચેનો ભેદ આપણે બરાબર સમજી શકીએ ને તે પ્રમાણે જીવનમાં તેને ઉતારીએ તો આપણે જીવનમુક્ત થઈ જઈએ. એમ કહી શકવું સહેલી વાત નથી.

વળી, જેટલા વધારે આપણે શાંત રહી શકીશું અને આપણા

જ્ઞાનતંતુઓ જેટલા વધારે સ્વસ્થ હશે તેટલું વધારે સારું આપણું કામ (એટલે આપણી જનસેવા પણ) થશે. અને આપણો પ્રેમ પણ તેટલો વધારે થશે. એટલે અંતમાં તો આપણે કેવી રીતે સ્વસ્થ, શાંત અને તેમ છતાં શક્તિશાળી થઈ શકીએ અને આપણી નાડીઓ અને જ્ઞાનતંતુઓ કેમ કરીને અસ્વસ્થ, અશાંત, કંપાયમાન થતાં અટકે એના ઉપાયો ને રસ્તાઓ શોધવાના રહ્યા.

ગમે તેવી પરિસ્થિતિ આવે તોય આપણે શાંતિ, પ્રસન્નતા, સમતોલપણું, તટસ્થતા જાળવી રાખવાને સતત મથ્યા કરવું પડશે. એ રીતે મથ્યા કરવાથી આપણને એ બધું સારી રીતે મળી રહેવાનું છે. કેટલાક મોટા સેનાધિપતિઓ પોતાનું જીવનયુદ્ધ પ્રત્યક્ષ નજરે દેખાય એવી સ્થૂળ પ્રવૃત્તિશીલ ભૂમિકા ઉપર ખેલતા હોય છે; બીજા કેટલાક પોતાની અંદર મહાભારત યુદ્ધો ખેલતા હોય છે. આપણે આપણાં યુદ્ધો આપણી અંદર ખેલવાનાં છે. એ યુદ્ધો પણ જેવીતેવી રીતે નહીં પણ ખૂબ નિશ્ચયબળથી, એને આપણું એકમાત્ર ધ્યેય સાધવા માટે લડવાનાં છે. આપણા સ્થાનમાંથી એક તસુ જેટલી પણ પીછેહઠ આપણે કરવાની નથી, અથવા થવા દેવાની નથી. ચાલો, ત્યારે ! આપણે પણ આપણાં યુદ્ધો ખેલ્યા જ કરીએ અને દ્વંદ્વોની સામે લડતાં લડતાં તેમને પૂરેપૂરા હરાવીને આપણું જીવનધ્યેય સિદ્ધ ન કરીએ ત્યાં સુધી જંપીને બેસીએ નહીં. આપણા માર્ગમાં નડતા કોઈ પણ બળથી કે અવરોધોથી આપણે ડઘાઈ ન જઈએ ને અટકી ન પડીએ. આપણા જીવનસિદ્ધિના હેતુમાંથી – કોઈ પણ નબળાઈની પળમાં પણ – આપણે

વિચલિત ના થઈએ. શ્રી ભગવાન આપણને હાથ દેવાને, મદદ કરવાને, હરહંમેશ ને હર પળે ઇંતેજારીથી તૈયાર જ છે. એની નાની સરખી ટચલી આંગળીથી પણ એ સદાય સાચો રાહ બતાવતો ઊભો છે, અને એ તો અપરંપાર દયાનો ભંડાર છે, અને સાક્ષાત્ કૃપાનો સાગર છે. માટે આપણે તો તન, મનથી મનસા-વાચા-કર્મણા પૂરેપૂરા સાફ દિલથી - આપણા યુદ્ધમાં ઝંપલાવીએ. આપણા અંતરમાં આપણે ઊંડા ને ઊંડા જતા રહીએ, અને સાથે સાથે શ્રી ભગવાનનું નામ પણ સતત લેતા રહીએ. પણ એકલા નામસ્મરણથી આપણો દહાડો નહીં વળે. આપણે તો હૃદયમાં સતત નામ લેવાનું છે, અને તેની સાથે આપણાં અંદરનાં યુદ્ધો પડ લડ્યા કરવાનાં છે.

જ્યારે જ્યારે માનવીને શાંતિ (એટલે કે મનનું ઉપર ઉપરનું સુખ) આરામ, સુખસગવડો મળે છે, ત્યારે ત્યારે એને જીવનયુદ્ધની વાત સતત યાદ રહેતી નથી. આપણામાંના સત્ત્વને ઉપર લાવવાને માટે આપણે સતત એના પર (જીવનયુદ્ધ પર) ભાર દીધા જ કરવો પડશે. ક્યાંયે આપણી અધોગામી વૃત્તિઓ કે લાગણીઓને વશ થઈ જવાનું નથી. એ માટે સતત તકેદારી આપણે રાખવાની છે. કશાથીયે હાલી ઊઠવાનું પણ નથી. જો આપણે આપણી અંતરની ગતિ સતત નહીં ચલાવી શકીએ તો જગતને આપણે કેવી રીતે જવાબદાર રહી શકીશું ?

•

# સાધકનો ધર્મ

દરેકમાં એમ તો ગૂઢતા રહેલી છે. એવી ગૂઢતાના પ્રકાર પણ નોખા નોખા છે. સાધકે સર્વ કંઈ કરતાં કરતાં શાંત અને પ્રસન્ન તો રહેવું જ જોઈએ. ગમે તે કંઈ કર્મ હોય, ગમે તેવી મથામણ થતી હોય, ગમે તેવી અથડામણો પ્રકટી હોય, તેમાં પણ એની શાંતિ ને પ્રસન્નતાની માત્રા વધતી જવી જોઈશે તો જ પોતાના જીવનઆદર્શને પહોંચવાના પ્રચંડ પુરુષાર્થમાં તે ટકી શકવાનો છે. તો જ એનામાં જોમ પ્રકટ્યા કરવાનું છે. સાધકનો મુખ્ય આવશ્યક ગુણ તો પ્રસન્નતાનો છે. એટલે ગમે તે થયા કરતું હોય તોપણ તે પ્રસન્નચિત્ત તો રહ્યા જ કરે. જ્યાં એમાં (પ્રસન્નચિત્તમાં) ખેંચ કે તૂટ પડતી અનુભવાય કે 'આપણો ભાવ ક્યાંક મંદ પડ્યો છે' એમ સમજાય તો ચેતી જવું. પ્રસન્નચિત્તની માત્રાના માપથી આપણને ઘણું ઘણું સૂઝી આવે છે, સંસ્કૃતમાં 'પ્રસન્ન'નો અર્થ 'નિર્મળ' છે. તે ઘણો અર્થસૂચક છે.

આમ સાધકને સાધનાનો પ્રત્યેક ગુણ જીવનમાં માપદર્શક બની જતો રહે છે. તે માત્ર તેની મર્યાદામાં બંધાઈને પડી રહેતો નથી, પણ સદાયે વિસ્તાર પામતો રહે છે. એ જ કારણથી સાધકને જીવનમાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા, નિષ્ઠા વધતાં જતાં પ્રત્યક્ષપણે અનુભવાય છે. સાધનાની સાચી ખૂબી તો ત્યાં છે કે એ પોતાની ખૂબીઓ ને રહસ્ય સાધકને બતાવ્યા કરશે; કારણ કે પોતે સ્વયંસ્ફૂર્તિમાંથી જન્મે છે. એવી સ્વયંસ્ફૂર્તિ પ્રસન્નચિત્તપણામાંથી પ્રકટે છે. એટલે સાધકે જાગૃતિ રાખી

રાખીને ત્યાં પુરુષાર્થ કરવાપણું રહે છે.

આપણા સાધનાના માર્ગથી જીવનમાં મળેલાં સ્વજનોને આપણા માટે કોઈ આડુંઅવળું પ્રકટે તો આપણે થોભવાની જરૂર નથી, વિચારવાની પણ જરૂર નથી, પણ ચેતવાની જરૂર ખરી. આપણે આપણું પૂરેપૂરું તપાસી લઈએ. આપણે તેવા પ્રકારની સમજણને સ્વજનના દિલમાં ઉતારવાને સમતા ને શાંતિથી મથીએ. તે સમજે તો ઉત્તમ, ન સમજે તો આપણે તેના વિશે મનમાં કશું ન સંઘરીએ. સદ્‌ભાવ વધારીએ. આપણે આપણા માર્ગમાં દઢ રહીએ. તે કાળની આપણી તટસ્થતા સાત્ત્વિક ભાવનાના રસવાળી હોવી ઘટે. આપણે જેમ જેમ સાધનામાં આગળ વધતા જઈશું તેમ તેમ જીવનમાં સંગાથી જેવા સ્વજનના જીવનથી આપણે જુદા પડતા જવાના. તેમની અને આપણી સમજણ જુદી જુદી થવાની. પરસ્પરનાં દષ્ટિ, વૃત્તિ ને વલણ પણ નોખાં નોખાં થવાનાં. એકબીજાની દિશા પૂર્વ-પશ્ચિમ થવાની. આવી સ્થિતિમાં સાધકનો ધર્મ બેવડો-તેવડો છે. એક તો પોતે પ્રથમ સંપૂર્ણ, શાંત, પ્રસન્નચિત્તવાળા, સમતાવાળા થવું ને વર્તવું. બીજું, પોતાનાથી કરીને મળેલાં સ્વજનોની પ્રકૃતિને, તેના સ્વભાવને પારખી પારખીને આપણાથી કરી તેઓ જેવું જેવું વિચારે, સમજે, મળે ત્યાં ત્યાં આપણે એકદમ આમ કે તેમ તણાઈ ન જવું કે તેમાં ઘૂસી ન જવું. મૌન ધારણ કરવું. તે બધું થયા કરે છે તેનો હેતુ પારખવો, આપણે સાધનાના ગુણમાં તેનાથી કરીને હાલી ઊઠીએ નહીં તે તો ખાસ જોવાનું છે. એટલે સ્વજનના તેવા વર્તનમાં આપણે રસ પણ નથી લેવાનો, તેમ તેમને તોડી પાડવાના પણ નથી. આપણા

તેમના પરત્વેનો સ્નિગ્ધતાપૂર્વકના સદ્‌ભાવપૂર્વકના વર્તનથી સાચું સમજશે ત્યારે ખરા. ત્યાં સુધી પ્રેમથી ધીરજ ખમવી રહી.

# કાવ્યો

*

## એક

(અનુષ્ટુપ)

આખરે એક તો સર્વ, એકમાં સૌ સમાયલું;
એકથી સૌ પરિવ્યાપ્ત, છતાં કાં અન્ય લાગતું ?

આપણે એક તો પૂરા થયેલા ના બધા વિશે,
તેથી તો સર્વમાં એક દીસે આપણને ન તે.

એકમાં એક સંપૂર્ણ, એકથી એક એકમાં
એકાકાર થયા વિના જણાયે કેમ એક ત્યાં ?

એકની આગળે શૂન્ય, શૂન્ય પહેલાં થવું પડે,
થવાતું જાય છે જેમ શૂન્ય, એક ઝગ્યાં કરે.

નકારાત્મક જે માત્ર ભાવ, 'શૂન્ય' ન જાણશો,
શૂન્યતામાં રહેલો છે એકનો ગર્ભ ગૂઢ શો !

## ઊર્મિ

ઊર્મિ તો શક્તિનું રૂપ નકામી ના કદી ગણો,
વાળ્યાં જે કરશે ધ્યેય લ્હાણ તે પામશે ખરો.

ઊર્મિ જે શક્તિની નાની કેવી તે તો લ્હેર છે,
પિછાની શક્તિરૂપે ત્યાં એવી વાપરવી ઘટે.

## કર્મ

સૂક્ષ્મતા બુદ્ધિમાં આવે કામ યોગ્ય કર્યાં કર્યે
કર્મ-કૌશલ્ય જન્મે છે કામ સદ્દભાવથી કર્યે.

કર્મ તો કામધેનુ છે કર્મ કલ્પતરુ ખરે;
કર્મમાં હેતુનું જ્ઞાન જે રાખે શ્રેય મેળવે.

કર્મ પ્રત્યક્ષ શાળાશી પોતાને ઘડવા તણી !
કર્મમાં દૃષ્ટિ ને વૃત્તિ એવી સંપૂર્ણ રાખવી.

કર્મ આકાર દેવાને, ચેતના-શક્તિ કાજ છે,
શું પરાત્પર છે કર્મ ! કર્મ તો વ્યક્ત ઈશ છે.

કર્મને પ્રયોગશાળા છે જ્ઞાન ઉદ્દભાવવા હૃદે,
કર્મને આચરે જે કો એ રીતે, જ્ઞાન મેળવે.

## કસોટી

કસોટી પ્રભુની એ તો અમોલી ભેટ-દાન છે,
એને જે કો નકારે તે પ્રભુતા પામી ના શકે.

કસોટી પાર થનારો એને જો સમજ્યા કરે,
એવો જીવનનું પામે રહસ્ય કોક દી ખરે.

માનવી-જાગૃતિ માટે દેવી કસોટી શી અહા !
દયા લાવી પ્રભુ આપે તે તો સૌને જગાડવા.

## ગુરુ સૂક્ષ્મ-ભાવરૂપે

ગુરુ ના દેહધારી તે ગુરુ તો સૂક્ષ્મ-ભાવ છે,
ગુરુ આધાર ભૂમિકા પામવા ગૂઢ તત્ત્વને.

ગુરુ પ્રત્યક્ષ છો ના હો, ગુરુની ભાવના હૃદે
દઢાવતાં રહીશું જો મેળે પ્રત્યક્ષ તે થશે.

મહત્તા ગુરુની એવી જ્ઞાન ભાવે ગ્રહ્યાં કરી,
ઠસાવો જીવને ઊંડી જેથી તે તો ફળે નકી.

## જન્મ-મૃત્યુના રાસ

કેવો રાસ રચાય છે પળપળે મૃત્યુ અને જન્મનો !
એની એ ઘટમાળમાં સરકતું એ વિશ્વનો ખેલ શો !

તેમાં જીવ રમ્યાં કરે પણ ખરું ના ભાન એને થતું,
કેવો આપ વહ્યાં કરે પ્રકૃતિથી કોઈ ન ત્યાં જાગતું.

જેનામાં પ્રભુ-ભાવના તરવરે, ઉન્મુખતા અંતરે,
જેનામાં નિજ કર્મમાં નીતરતો રે', ભાવ તેઓ ખરે,

જેને છૂટી જતા દીસે મન તણા સંકલ્પ-વિકલ્પ સૌ,
એવા જીવ રહી શકે પળ પળે ત્યાં જાગતા આપ તો !

## તાટસ્થ્ય

કામનાઓ બધી જે તે તેમાં સાક્ષી રહ્યાં કરી,
અનુમતિ ન દ્યો એને જવા દ્યો વહી આપથી.

કામનાઓ ઊઠે ત્યારે તેમાં ભેળાઈ ના જવું,
આપણું રૂપ ના તે છે એમ માની છૂટા થવું.

તાટસ્થ્ય રાખતાં રે'વું પ્રત્યક્ષ કામના થતાં
જાગૃતિ ચેતના એવી રે' તો કામ સધાય ત્યાં.

કોઈનો દોષ જોવાનો આપણાથી કરાય ના,
પોતાનો ખોળી ખોળીને, મથો યોગ્ય પૂરું થવા.

## દુઃખ

દુઃખ એ શક્તિ છે પોતે કાલિકા શી પ્રચંડ તે !
વાળશો જેવી રીતે તે આપશે ફળ એ રીતે.

દુઃખ જેને જનો માને, કૈંક બીજા કશા તણો-
છાયા આભાસ છે એ તો, તાપથી જેમ ઝાડનો.

જન્મનું સાથી તો દુઃખ, મૃત્યુ સાથ વળી રહ્યું,
ભલભલા ભલે ભૂપ એણેય દુઃખ તો સહ્યું.

દુઃખથી તો જણાયે છે સાચું વિશ્વ-સ્વરૂપ શું !
દુઃખથી તો પમાયે છે તત્ત્વ જીવનનું ખરું.

## પ્રેમ, જીવનસાધના

જીવતાં જીવતાં જેઓ પ્રેમને કાજ વિશ્વમાં,
સર્વાર્પણ કરે ભાવે, શકે તે ભળી પ્રેમમાં.

સ્વીકારાઈ શકાતો ના અમસ્તો પ્રેમ કોઈથી,
પ્રેમની ભૂખ તો કેવી વધે છે આપતાં ઊંડી !

પ્રેમથી વિશ્વ જન્મે છે, પોષાતું વિશ્વ પ્રેમમાં,
પ્રેમથી મૃત્યુ પામે છે; એવી શી પ્રેમની લીલા !

તાબેદારી સ્વીકારે છે પ્રેમ તો કોઈની નહીં,
પોતાનો કોઈને પ્રેમ તાબેદાર કરે નહીં.

સ્વતંત્ર પ્રેમ એવો શો બક્ષે સ્વતંત્રતા બધી,
ભુલાવામાં પડે છે સૌ તેથી અજ્ઞાન માનવી.

માનવી કોરી બુદ્ધિથી પિછાની પ્રેમ ના શકે,
ભાવ, જ્ઞાન, વિના યોગ પ્રેમ ના મેળવી શકે.

થયો પ્રેમ હશે સાચો યોગ્યતા સૌ રખાવશે,
સત્ય, વિવેક, મર્યાદા આપોઆપ જગાવશે.

## વિઘ્ન

વિઘ્ન ના સાંપડ્યું કોને? બતાવો એક તો જગે;
પામશે વિઘ્નથી લાભ વિઘ્નને જે વધાવશે.

વિઘ્નથી જીવને કો દી દબાઈ ના જવું કશું,
પ્રેમથી સામનો એનો જે કરે, પામશે નવું.

જીવનધ્યેય પોતાનું દષ્ટે જે નિત્ય રાખીને
-ધ્યેય ફળાવવા સામે ઝઝૂમે વિઘ્ન તે જીવે.

## શ્રદ્ધા-વિશ્વાસ

કોણ વર્ષાવવા જાય વર્ષાને ? કોણ ઋતુઓ
-લાવ્યાં કરે જુદી જુદી? કોણ સૂર્ય ઉગાડતું ?

પ્રકૃતિનું બધું કાર્ય કરવા કોણ જાય છે ?
નિયંત્રિત રહે વિશ્વ આખુંયે તે કઈ રીતે ?

અનંત કાળથી વિશ્વ ચાલ્યાં જ કરતું દીસે,
એની સંભાળ લેનારું બેઠેલું કોક તો હશે.

પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા વિશ્વાસ જીવતાં
-જેને બેઠાં હશે ઊંડાં તેવા નિર્ભય રે' સદા.

સર્વશ્રેષ્ઠ પ્રભુ જાણી એને મહત્ત્વ આપજો,
જે તે કાર્ય મહીં એનો ઊંડો ખ્યાલ ધરાવજો.

## પ્રશ્નોત્તરી

**પ્રશ્ન : સાધક કોને કહેવાય ?**

**ઉત્તર :** જેનો નિર્ધાર જીવનવિકાસ માટે મરણિયો મક્કમ થયેલો હોય તેને સાધક કહેવાય. નક્કી થયેલ ધ્યેયને સાકાર કરવા માટે ખંત, ધીરજ, ઇત્યાદિ પ્રગટ્યાં હોય છે, સાધકમાં ગુણો અને ભાવનાઓ પ્રગટેલાં હોય છે. ગુણોનો તે ગુલામ હોતો નથી. સંસારીના જીવનમાં પ્રગટેલા ગુણો એ ગુલામીના ગુણો છે. સંસારી જીવ ગુણોનો ગુલામ છે સાધક નહીં. સાધકમાં આગળ જતાં પ્રગટેલા ગુણ અને ભાવના સહસ્રમુખી બને છે. સંસારીનો ગુણ એવો નથી. સંસારીમાં ગુણ છતાં ચોકઠામાં તે જકડાયેલા છે.

**પ્રશ્ન : સાધકનાં લક્ષણો કયાં હોઈ શકે ?**

ઉત્તર : જિજ્ઞાસા ઉત્કટમાં ઉત્કટ જબરદસ્ત હોવી જોઈએ. શાંતિ અને પ્રસન્નતા એ સાચાં લક્ષણો છે.

**પ્રશ્ન : પ્રારબ્ધ એ સત્ય છે ?**

ઉત્તર : પ્રારબ્ધ અને પુરુષાર્થ પરસ્પર અવલંબિત છે. જો પ્રારબ્ધ જ સાચું હોય તો જીવ શિવ બની ન શકે. આધ્યાત્મિક માર્ગમાં પુરુષાર્થ જોઈએ, ખમીર જોઈએ, તમન્ના જોઈએ.

**પ્રશ્ન : આપણા ચાલુ સંબંધો શેને આભારી હોય છે ?**

ઉત્તર : પૂર્વજન્મના કર્મને આભારી હોય છે. પણ બધું પ્રારબ્ધવશાત્ હોતું નથી. કેટલીક વસ્તુઓ પુરુષાર્થને આધીન છે. બુદ્ધિ મળેલી હોય પણ જો તેનો સદુપયોગ ન થાય તો કોઈ વિકાસને અવકાશ નથી. જો પુરુષાર્થ પણ પ્રારબ્ધવશાત્ છે એમ કહીએ તો 'પુરુષાર્થ' શબ્દ વા રવો અર્થહીન છે. ગમે તેમ હો પણ આપણા ભાવિ સંબંધોનું નિર્માણ આ જન્મમાં નક્કી કરી શકાય છે.

**પ્રશ્ન : ગુરુ કરવાની જરૂર ખરી ?**

ઉત્તર : ગુરુ તો તમારી અંદર બેઠો છે. વેદાંતની રીતે કહીએ તો ગુરુ શોધવા જવાની જરૂર નથી. ખરી જિજ્ઞાસા જાગી હશે તો બધા ખુલાસા આપોઆપ થયા કરશે, ને રસ્તો દેખાઈ આવશે. અભ્યાસ કરો. ગીતામાતાએ બધું કહેલું છે. સતત અભ્યાસ કર્યા કરો. બચાવ માટે દલીલો કરવી હોય તો ભલે, કાંઈ કરશો નહીં, જ્યાં છો ત્યાં ઠીક છો. તમારે શું થવું છે તેનો આદર્શ તો સામે જ છે.

વ્યર્થ વાતો કરવાથી કશું વળશે નહીં. 'રામ રામ' કરો.

**પ્રશ્ન : બધા સંતો એક જ છે એ ખરું છતાં જુદા જુદા સંતોનાં દર્શને જતાં તેમનું સ્થૂળ શરીર વચ્ચે આવે એટલે આપણા સદ્‌ગુરુનું વિસ્મરણ થાય તો તેનું શું ?**

ઉત્તર : ગમે તે સંતનાં દર્શને આપણે જઈએ તોયે આપણા સદ્‌ગુરુના ભાવ દઢાવીએ. આખરે તો બધા સંતો એક જ છે.

**પ્રશ્ન : અને સદ્‌ગુરુને યાદ કરીને બૂમો પાડીએ ત્યારે તે અમને યાદ કરે ?**

ઉત્તર : ના, એને શું પડી છે ? હા, દ્રૌપદીની જેમ હૃદયથી આ પોકાર કરો ત્યારે જ તે હાલે, પણ એવી ભક્તિ ક્યાં છે ? પણ એવું બને કે કોઈ ખૂણામાં ગુફામાં પડેલો સંત તેના ભક્તોને યાદ કરતો હોય છે. જેની ખબર તે ભક્તોને હોતી નથી. તેવા સંત સૂક્ષ્મ રીતે તો ભક્તોને તેની ચેતનશક્તિ વડે મદદ કરતા હોય છે. જ્યારે ભક્તોનો કાળ પાકે ત્યારે તેઓ તેમના સદ્‌ગુરુ તરફ વળતા થાય છે.

**પ્રશ્ન : મુક્તાત્માને ટૂંકમાં સમજાવશો ? એ પુનર્જન્મ લે ખરો ?**

ઉત્તર : મુક્તાત્મા છે પ્રકૃતિનો સ્વામી. આત્મનિષ્ઠાથી એ કર્મ કરે છે ખરો, પણ તે પ્રભુપ્રેરિત હોય છે. માટે તે અમુક જ કાર્યો પ્રેરશે એવું કશું નથી. તે રાજા હોય, પૂર્ણ ગૃહસ્થાશ્રમી હોય, તેમ જ સહજ મેળે સંપૂર્ણ સંન્યાસી પણ હોય. એને ઓળખવો મુશ્કેલ છે. તેને કોઈ સંકલ્પ નથી હોતો. તેમ છતાં નિમિત્તને કારણે સંકલ્પ એને

થાય પણ ખરા. . . . પરંતુ એવી પરંપરા ન હોય. તે શરીરધારી હોવા છતાં એને પ્રારબ્ધ નથી હોતું. હોય તો તે બળેલી દોરડીના વળ જેવું, તેમ છતાં પણ ભક્તો કાજે તે પુનર્જન્મ લે પણ ખરો.

**પ્રશ્ન : નવો અવતાર એટલે શું ?**

ઉત્તર : સંસારીઓ એક તબક્કામાંથી બીજા તબક્કામાં પ્રવેશે છે તેને 'નવો અવતાર' ગણાય. છતાં સંસારીના અને સાધકના 'નવા અવતાર' વચ્ચે આસમાન-જમીનનો ફરક છે. કારણ કે સંસારીનું સમગ્ર જીવન દ્વંદ્વની ભૂમિકા પર (સુખદુ:ખ, તેજતિમિર, સારુંનરસું વગેરે પર) રહેલું છે. ને સાધકનું જીવન દ્વંદ્વોથી મુક્ત થવા મથવાપણાનું હોય છે.

**પ્રશ્ન : સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં બીજી એટલે નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જાય ખરી ?**

ઉત્તર : ના, સગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિનો સમાવેશ થઈ જાય તેમ નથી. તેમ જ નિર્ગુણ બ્રહ્મની પ્રાપ્તિમાં સગુણ બ્રહ્મની પ્રાપ્તિ આવી જાય તેમ પણ નથી. બંને જુદું જુદું છે. બંનેનો સાક્ષાત્કાર અલગ અલગ થતો રહે છે. પણ ગમે તે એક પ્રકારના સાક્ષાત્કારથી મુક્તિ મેળવી શકાય ખરી. બંનેની પ્રાપ્તિ વધુ સારી ગણાય.

સગુણ સાક્ષાત્કાર-દર્શન અને સાક્ષાત્કાર વચ્ચે ભેદ છે તે સમજવા જેવો છે, યાને દ્વૈતનો સાક્ષાત્કાર તથા નિર્ગુણ યાને અદ્વૈતનો સાક્ષાત્કાર. તે બેમાંથી

એકબીજાથી ચડિયાતો છે તેમ ન કહી શકાય. ગમે તે સાક્ષાત્કાર જેને થયો હોય તે મુક્ત થઈ શકે છે. બંને પ્રકારના સાક્ષાત્કાર થવા પણ શક્ય છે. નરસિંહ મહેતા આદિ ભક્તોને બંને પ્રકારના સાક્ષાત્કારો થયેલા એમ કહી શકાય.

બંને પ્રકારનો સાક્ષાત્કાર થાય તેવો કશો નિશ્ચિત નિયમ નથી. કોઈકને નિર્ગુણનો અનુભવ વહેલો થાય અને સગુણનો ના પણ થાય, યા પછીથી પણ થાય. કોઈકને સગુણનો અનુભવ પહેલો થાય અને નિર્ગુણનો ન પણ થાય. આમ છતાં બંને પ્રકારના અનુભવની કક્ષા એકબીજાથી ચડતી કે ઊતરતી છે તેવું કશું નથી.

ખરો સગુણનો સાક્ષાત્કાર એટલે પોતાના આધારમાં ચેતનની ગુણશક્તિનો પ્રાદુર્ભાવ થયો તે.

**પ્રશ્ન : શિવલિંગના પ્રતીકનો શો અર્થ ?**

ઉત્તર : શિવલિંગનું પ્રતીક માનવની ઊર્ધ્વમુખી પુરુષની ચેતનાનું પ્રતીક છે. તેણે સતત ઊર્ધ્વવિકાસ સાધ્યે જવાનો છે. અને શિવલિંગની આજુબાજુના ફરતા ગોળ વર્તુલના પ્રતીકનો અર્થ પ્રકૃતિની તે મર્યાદા છે. તે મર્યાદામાંથી પુરુષ ચેતનાએ ઊર્ધ્વગતિ કર્યે જવાની છે. આગળ પોઠિયો જ હોય છે તે મદમસ્ત પ્રાણશક્તિ અને વૃત્તિઓનું પ્રતીક છે. તેને કાબૂમાં લઈને તેનું મુખ ફેરવી નાખીને બીજી દિશાએ સામે જે કાચબો હોય છે તેના જેવા થવાનું છે. તે બધી વૃત્તિઓને વશ કરીને અંદર સંકેલી લેવાની છે. આપણા ઋષિમુનિઓ પ્રતીકો દ્વારા

અનુભવો વ્યક્ત કરતા હતા.

**પ્રશ્ન : તામસિક મનવાળાનું મન ઝાઝા વિચારો નથી કરતું હોતું તો તેવી સ્થિતિ મનની પૂર્ણ નીરવતા મેળવવામાં રાજસિક મનવાળા કરતાં વધુ મદદરૂપ થાય ખરી ? કે તમસમાંથી રજસ સ્થિતિમાં આવ્યા બાદ તેમાંથી પસાર થયા બાદ સત્ત્વમાં પહોંચી નીરવ થવાનું હશે ?**

ઉત્તર : તામસિક મનવાળાને ઝાઝા વિચારો ન ઊઠતા હોવાને કારણે જ તેને નીરવ થવામાં તે સ્થિતિ સહાયરૂપ ન થાય. રજસમાં પ્રવેશીને તે બાદ જ તેને પણ નીરવ થવું પડે છે.

જેની પ્રકૃતિ અને સ્વભાવમાં તમસ ગુણ પ્રાધાન્યપણે પ્રવર્તે છે, તેનાથી સાધના પરત્વેનો પુરુષાર્થ પણ ઝાઝો થઈ શકે નહીં - થઈ શકતો નથી. પરંતુ જ્વાળામુખીના જેવી ધગધગતી ઊર્ધ્વગામી જિજ્ઞાસા કે તમન્ના પ્રગટે છે, ત્યારે તેવી તમન્ના જ તમોગુણને રજસમાં પ્રગટાવી શકે છે. એવી ઉત્કટમાં ઉત્કટ તીવ્રતમ જિજ્ઞાસાના ભાવમાં તમોગુણ ટકી શકતો નથી. ત્યારે આપમેળે રજોગુણ પ્રવર્તે છે. તે વેળાએ રજોગુણનો સ્વભાવ એટલે કે ધાંધલિયાપણું, ધમાલ વગેરે પણ તેમાં હોતાં નથી. એકધારાં ગતિશીલતા, ઉત્સાહ વગેરે વગેરે તેનામાં પ્રગટેલાં રહે છે. જેને જીવનવિકાસના માર્ગે ગતિ કરવાની છે, તેવા જીવને મૂળમાં તેના પરત્વેની ધગધગતી તમન્ના પ્રગટેલી હોવી જોઈએ અને એવી તમન્નાના સ્વભાવમાં બેઠાડુપણું કદી

સંભવી શકતું નથી.

**પ્રશ્ન : અંતરનાદ જે સંભળાતો હશે, તે અનાહત નાદ કાનમાં જે કેટલાકને સંભળાય છે તેની જેમ સ્પષ્ટ કાનને સંભળાઈ શકે તેમ તે અંતરનાદ ઊઠતો હશે ?**

**ઉત્તર :** હા ! જેમ એક વ્યક્તિ બીજીને મુખેથી આદેશ દેતી હોય તેમ સ્પષ્ટ અવાજ હૃદયમાં-અંતરમાં ઊઠે-સંભળાય. પણ આવો અંતરનાદ ખૂબ આગળ વધેલી કક્ષાના સાધકને સંભવે છે.

**પ્રશ્ન : મુક્ત આત્માને આવો અંતરનાદ ઊઠતો હશે ? ને તે આધારે તેનાં કાર્યો કરાયે જતાં હશે ?**

**ઉત્તર :** ના, તેને અંતરનાદ ઊઠવાનો સવાલ જ રહેતો નથી. અંતરનાદ તો સાધનાની અમુક ઉચ્ચકક્ષા વટાવ્યા પછીથી પ્રગટતો હોય છે. તેવી વેળાએ તેને પ્રેરણાઓ ઊઠતી હોય છે. પ્રેરણામાં અવાજ નથી હોતો, જ્યારે પ્રેરણામાં અંતરનાદનો પણ સમાવેશ થઈ શકે છે અને આપોઆપ પોતાને અમુક અમુક કરવાનું છે એવી રીતે અંતરમાં અંતરની સમજણ પ્રગટતી હોય છે, તે પણ એક પ્રકારનો અંતરનાદ છે, એવી રીતે વ્યક્ત થવાપણામાં કોઈ વિચારની પરંપરા પ્રગટતી નથી અથવા તો સકળ કર્મનો સંપૂર્ણ અનારંભ હોય છે અને તેમ છતાં અંતરનાદથી તેનું કરવાનું સૂઝે જ્યારે મુક્તને તો સહજ અવસ્થા હોય છે. અંતરનાદ તો અમુક સમયના ગાળે ગાળે પ્રગટતો હોય. તેમાં એકધારાપણાનું સાતત્ય હોતું નથી અને તે સહજ

અવસ્થા હોતી નથી.

**પ્રશ્ન : વિવેકવિચાર ક્યારે આવે ?**

ઉત્તર : જ્યારે ધગધગતી જિજ્ઞાસા ઈશ્વર માટે જાગે ત્યારે આવે. માત્ર વાચનથી કાંઈ ના વળે, તે અનુભવવું જોઈએ. 'શિવોડહં' 'શિવોડહં' કર્યા કરીએ છીએ છતાં જીવદશામાં રાચીએ છીએ. તે શા કામનું ? વાચનથી માનસિક સંસ્કાર પડે, હૃદયના નહીં. જ્યાં સુધી આપણા આચાર સુધરે નહીં, વિકારો મોળા પડે નહીં, ત્યાં સુધી સમજવું કે આપણે આગળ વધ્યા નથી. તેવું કોરું જ્ઞાન કોઈ કામનું નહીં. બુદ્ધિના સંસ્કાર સતત અભ્યાસમાં ન રહે તો આકડાના ફૂલની જેમ ઊડી જશે.

**પ્રશ્ન : શ્રી શંકરાચાર્યે ગાયું છે કે સંતો તો વસંતઋતુના વાયુના જેવા હોય છે. જ્યાં જ્યાં તે વાયુ વાય ત્યાં ત્યાં સુગંધસુરભિ, ઉલ્લાસ, આનંદ ફેલાવે છે તેમ સંતો પોતે તરી ગયેલા હોઈને કોઈ પણ સ્વાર્થ વગર તેમના સંપર્કમાં આવતા માણસોને તારતા હોય છે.**

ઉત્તર : જે મનુષ્ય નાક બંધ કરીને ચાલતો હોય તેને વસંતના વાયુની સુગંધ કેવી રીતે મળે ? તેવી રીતે માણસ પોતાની જાતનો વિકાસ સાધવા મડાગાંઠ તોડવા તૈયારી કરતો ન હોય, 'રિસેપ્ટિવિટી' 'સ્વીકારશક્તિ' બતાવતો ન હોય તો તેને લાભ ક્યાંથી મળે ?

# વિચાર કંડિકાઓ

*

## કર્મ-સાધના

સાધકે કર્મને માત્ર કર્મ તરીકે જોવાનું, ગણવાનું નથી. તે કર્મ કરતાં કરતાં આપણી ભાવના કેવા પ્રકારની જીવતી રહે છે તે મુખ્ય બાબત છે. આથી કર્મ કરતી વેળા હૃદયમાં ભાવનાનો ઓઘ ઊછળતો રહે, આનંદ પ્રગટ્યા કરે, કર્મના સંપર્કને સંબંધને લઈને જે જે સ્વજનોના અને વ્યક્તિઓના સમાગમમાં આવીએ તેમના પરત્વે હૃદયમાં સમભાવ કેળવીએ. સદ્‌ભાવમાં સર્વ સાથે વર્તી શકીએ તો કર્મ કરવામાં આપણો જીવનવિકાસ સધાયે જવાનો છે, કર્મને શુષ્કપણે કરવાથી તો જીવન ઊલટું કચડાવાનું છે.

*

કર્મ માત્ર છે જીવનને પ્રેરકપણે ઉઠાડવા કાજે, ચેતાવવા કાજે, પછી તે કર્મ નાનું હોય કે મોટું, તેના પ્રકાર સાથે નિસ્બત ન હોય. કર્મને એવી રીતે કરવાનાં હોય કે જેથી દ્વંદ્વાત્મક વૃત્તિઓ મોળી પડે. કર્મમાં પોતાનામાં શક્તિ નથી. પરંતુ કરતી પળે એ કર્મના હેતુનું પ્રાગટ્ય તેમાં પ્રગટાવીને તેમાં જે ભાવના રેડાય છે, તે ભાવનામાં શક્તિ રહેલી છે.

## કસોટીનો મહિમા

કસોટી કાળે પુરુષાતન દાખવીને સાહસ, હિંમત, ધીરજ આદિ ગુણોથી પ્રેરાઈને જે ટકી રહેવાનું ને વિકાસ પામતા જવાનું

કરે છે, તેવો જીવ કદી તેમાં ગૂંચવાતો નથી, ગભરાતો નથી, મૂંઝાતો નથી. કસોટી પ્રકટે છે, આપણા જીવનની સાચા ખમીરની પરીક્ષા કરાવવા. કસોટીમાં જે જાગતો ને જીવતો રહ્યો તે જીવી ગયો જાણવું. આ કાળ ચેતવવા માટે છે, સતત જાગ્રત રહેવા માટે છે. કસોટીમાં જે જીવ આનંદની ઉત્કટ માત્રા રાખે છે, તેવો જીવ દુ:ખની અનંત હારમાળાથી પણ પછી કશા આંચકા અનુભવી શકનાર નથી. કસોટી તો જીવનને કસી જોવાની કસોટી છે. . . .

કસોટીની પળોએ જે ભગવાનને પોકારે છે, ભગવાનની ભક્તિ કરે છે, ને એવી કસોટીના પ્રસંગોમાં પોતાના જીવનઘડતરનો જ્ઞાનપૂર્વકનો ભગવાનના હેતુનો જેને ખ્યાલ રહે છે તેવો જીવ ભગવાનને પામી શકે છે, જીવનમાં એકધારા સરળતાના પ્રસંગો હંમેશાં મળ્યા જ કરે એવું કદી બનનાર નથી. કસોટીમાં જે મરજીવો બને છે તે ઈશ્વરનો સાચો બંદો છે. આપણે તો એના બંદા બનવું છે ને ?

## ધ્યાન

ધ્યાન આપણા અંતરની શોધ માટે થાય, સમર્પણની ભાવના માટે થાય, ખાલીપણું, નિર્વિચારપણું કેળવવા માટે, લય થવા માટે, પ્રાર્થનાના mood ભાવ તરંગ - માટે થાય, આમ ધ્યાનના અનેક પ્રકારો છે. તેથી એક વખત આમ થયું ને બીજી વખત આમ કેમ થયું ? એવી સ્થિતિચુસ્તતા એમાં નથી. જે થાય તે જોયા કરવું. ધ્યાનમાં એકાગ્રતાનો ભાવ એ મુખ્ય વસ્તુ

છે. તે સ્થિરતા-જડતાવાળી એકાગ્રતા નહીં પણ ચેતન-સ્ફુરતી હોવી જોઈએ.

ધ્યાન સમયે તંદ્રા એ એક મોટો સામાન્ય અવરોધ આવતો હોય છે. તે આવતાં આપોઆપ સામાન્ય તો ખબર પડી જતી હોય છે. ધ્યાનમાંથી કંઈ ખાસ પ્રકારની લાગણીઓ ઊપજે એવી કશી અપેક્ષા ન રાખવી. માત્ર એમાંથી આપણે સંતત જાગૃતિ મેળવીએ ને સાધનામાં વેગ મળે તો હાલ તે ઘણું છે. તે વેળા આપણાં આગ્રહો, મંતવ્યો, મડાગાંઠો, વિચારો આદિ બધું જ સાચા અર્થમાં લય પામી શકે તો તેટલી વેળા આપણી અંદરની ચેતનાનો, જેને ભગવાનનો ભાવ પણ કહી શકાય તેનો, સ્પર્શ થાય, જાણ થાય, અનુભવ થાય.

ધ્યાનમાં સમયની ગણતરી એ મુખ્ય માપ નથી. આટલા અમુક કલાક ધ્યાન થયું તે ગૌણ છે. ઊંડાણનો ખ્યાલ રાખશો તો ખ્યાલને પણ મહત્ત્વ દેવાનું નથી. ધ્યાન વેળા જે કંઈ અનુભવો થાય તે તટસ્થપણે જોયા કરવા. . . .

ધ્યાનમાં આપોઆપ સ્વાભાવિકપણે શ્વાસોચ્છ્વાસ ધીમા પડી જશે. અંતે તો તદ્દન શાંતપણે ચાલશે. તેમાં પ્રાણાયામના નિયમો સ્વતઃ પળાતા જશે. જો ધ્યાન યોગ્યપણે કરાતું હશે તો તે તદ્દન છેવટનો શ્વાસોચ્છ્વાસ તદ્દન લય પામ્યા જેવી સ્થિતિ થશે.

ધ્યાન વખતે ધ્યાન જ. પ્રાર્થના વખતે પ્રાર્થના. જે કરતા હોઈએ એના ભાવને પ્રધાનપણે વળગી રહેવું. ધ્યાનને છોડવાની ઈચ્છા ન થાય તો ચાલુ રાખવું. સમય પૂરો થયો માટે છોડી દેવું તેમ ન કરવું.

ધ્યાનમાં જપાતા જપ ઉપર ભાર રાખવાનો નથી, ચિત્તનું લક્ષ તો જ્યારે પૂરી લીનતા અનુભવાય ત્યારે અંદરની જે ચેતના છે એ અનુભવવામાં રાખવાનું છે. ધ્યાન પૂરું થયા પછી જે ઘૂમરીને એકાગ્રતા જેવું રહે છે એનાથી જપ, ધારણાનો ભાવ ઊંડા હૃદયમાં ઉતારવો.

ધ્યાન શરૂ કરતી વેળા જપનો આશ્રય લઈ શકો. પણ તેના પર ઝોક દીધા વિના પછી તેનો આગ્રહ ન હોય, ખરેખરી સર્જનાત્મક શક્તિનો અનુભવ પ્રત્યક્ષ કાર્યક્ષેત્રમાં ઊતરી સર્વાંગે અંતે ન અનુભવાય ત્યાં સુધી આપણે ધ્યાનની સાધના ચાલુ રાખવાની છે. ધ્યાન માત્ર શાંત બેસી રહેવા માટે નથી. મનને નીરવતામાં પ્રગટાવવા ધ્યાન મદદરૂપ થાય છે. એ તો જોકે તાત્કાલિક લાભ છે. તેમ થતાં મનથી પરનો અનુભવ શક્ય બને છે. ધ્યાન એટલે અંતરની ખોજ.

## પ્રાર્થના

પ્રાર્થના એ તો જીવનનો પ્રત્યક્ષ સહારો છે. જીવનને યોગ્ય બળ, પ્રેરણા, સહાનુભૂતિ, ધીરજ, હિંમત એવું એવું પ્રાર્થનામાંથી મળી રહે છે. જો પ્રાર્થનાની કળા સાધકને સાંપડી હોય તો જેમ શરીર સાફ રાખવા સારુ નિયમિત નાહવાનું છે, તેમ અંત:કરણને સ્વચ્છ ને શુદ્ધ રાખવા પ્રાર્થના છે. પરંતુ તે સ્વયં ઊર્મિથી ને ભાવનાથી થવી જોઈએ. પ્રાર્થના જીવને તેજસ્વી બનાવે છે. પ્રાર્થના એ કંઈ લૂલી લૂલી લાગણીની અભિવ્યક્તિ નથી, પરંતુ લાગણીને યોગ્ય પ્રકારનો આકાર

આપવાનું એ તો એક ઉત્તમ સાધન છે. પ્રાર્થનાના એકધારા ભાવભીના અભ્યાસથી કર્મોમાં દોષો ઓછામાં ઓછા થતા હોય છે, તેથી જીવનમાં સદ્‌વિચારોની પ્રેરણા પણ સાંપડે છે.

કોઈની સેવા કરવી, સદ્‌વર્તાવ કરવો, સત્કર્મો કરવાં, સદાચારી ને પરોપકારી રહેવું ને થવું એ બધી પ્રાર્થનાની એક પ્રકારની રીત છે, પરંતુ આપણા માર્ગમાં સૌથી ઊંડી અસર કરે એવી પ્રાર્થના તો ઈશ્વરનું ધ્યાન, મનન-ચિંતવન છે. પ્રાર્થનાના અભ્યાસના મનાદિકરણોમાં શુદ્ધિ પ્રાપ્ત થાય છે. જીવનવિકાસમાં પ્રાર્થનાનું મહત્ત્વ અમાપ છે. પ્રાર્થનાની પણ આપણને ગરજ લાગી જવી જોઈએ, તે વિના તેમાં સાચો ઉઠાવ પ્રગટી શકતો નથી, પુરુષાર્થથી બનવા કાજે તો ઘણો કાળ લાગે, અને કોઈ વાર તે અશક્ય જેવું લાગે, તેમ છતાં પ્રાર્થનાના બળથી તેવું તેવું થઈ જતું ઘણાંએ અનુભવેલું છે.

પ્રાર્થના જેવું ચેતનવંતુ બળવાન બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી આર્તનાદે અને આર્દ્રભાવે જે જીવ એનો આશરો લે છે અને તેવી પ્રાર્થના કદી નિરાશ કરતી નથી, એવી છે પ્રાર્થનાની અંતરની શક્તિ. પરંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી સૂઝતું નથી. કોઈ જીવ કરે છે તો કેવી લૂલી લૂલી પ્રાણ વિનાની. જ્યારે કોઈ સાચી ગરજ જાગે, કંઈક ઊંડું દર્દ થાય, ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે તેવી તે વેળાની પ્રાર્થનાનો ભાવ વળી કંઈ ઓર હોય છે. પ્રાર્થના તો સકળ કંઈ કામ કરતાં થઈ શકે. તે કેટલું સરળ, સહજ ને ઉત્તમ સાધન છે.

## પ્રભુસ્મરણ કાજે પ્રાર્થના

(ગઝલ)

મને સંભાળતો રે'જે, હૃદય મુજ વાસ તું કરજે,
જીવનમાં તું સતત મારી, હરિ, રક્ષા જરૂર કરજે. ૧

જીવનમાં સર્વ સંભાળ, જરૂર લેતો સદા રે'જે,
તને સંભારવાનું દિલ, રખવજે મારું તું નિત્યે. ૨

સ્મરણ તારું હૃદય કરવા, મને ઉત્સાહ દિલ દેજો,
ભુલાતાં દિલથી મુજને, મને મન સોચ ભોંકવજો. ૩

સ્મરણને જિંદગાનીનું ચરણ-અમૃત જાણીને,
સ્મરણજળમાં નહાવાને, મને તું પ્રેરતો રે'જે. ૪

હૃદય સંતોષવા તુજને, તું સદ્‌બુદ્ધિ મને દેજે,
થતી ભૂલચૂક મારી સૌ જતી કરજે, જતી કરજે. ૫

અનેકે દોષ મુજથી તો, થયા કરતા જીવનમાં તે,
ભલે શિક્ષા કરીને પણ, ક્ષમા મુજને કરી દેજે. ૬

હૃદય તુજ યાદ ધરવાને મને ચાનક લગાડી દે,
સ્મરણ તારું થવા મુજને સદા તું ટોકતો રે'જે. ૭

ભુલાતાં તે સ્મરણ તારું હજારો વીંછીના ડંખે,
શરીરમાં વેદના ઉગ્ર, તું પ્રગટાવી સીધો કરજે. ૮

## સાચી સેવા

બીજાંઓનાં ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,
સ્વાર્થ હેતુ ન જેમાં હો સેવાનો તે ખરો ક્રમ. ૧

સેવાનો ભાવ જે કર્મે કર્મ તે ભાવ નિષ્ઠ છે;
કર્મભાવથી સીંચેલું તેવાં કર્મ ઘડે ખરે.
જીવનને ઊંચે આણે પ્રેરાવે દષ્ટિ જીવને. ૨

પ્રભુ પ્રીત્યર્થ જે સેવા થતી જીવન ભાવથી;
ઉચ્ચ જીવનને કેવું આકાશે તારવે ચહી. ૩

નિર્વાહ તારી સેવાથી અમારો પ્રેમથી થતો;
ચેતના પ્રાણ રેડાજો પ્રવૃત્તિમાં કૃપાથી સૌ. ૪

## અખંડ સ્મરણ માટે પ્રાર્થના

(ભુજંગી)

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મનવાસમાંના, પાપમાં, ચિત્તના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનમાં રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં. ૧

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઇન્દ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં.
રગરગ મહીં, નખશિખ મહીં, ને શરીરના નવદ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મન-હૃદયમાં. ૨

## અપેક્ષારહિતની પ્રાર્થના

પાર પાડવું ધારેલું, તે તો શ્રી પ્રભુ હાથ છે,
એટલી પ્રાર્થના મારી, સાધન અણમોલ છે.
કિંતુ જે માંગીએ તેથી ઊંધું જો પરિણામ હો,
પ્રભુની ભેટ જાણીને સ્વીકારી હર્ષ સાથ લ્યો.

## 'મારે સમાજને બેઠો કરવો છે'

હરિ: ૐ

હું ઘણાં વર્ષથી સ્પષ્ટ દર્શન મેળવીને કહેતો રહ્યો છું કે અંધાધૂંધીનો કાળ આવશે. પૈસો કલમને ગોદે ચાલ્યો જશે. માટે સ્વાર્થ કરતાં પરમાર્થ વધુ કરો ને પરમાર્થ એવો કરો કે જે સમાજની સમગ્રતાને સ્પર્શે.

એવા અંધાધૂંધીના કાળમાં જ્યારે સલામતીનું ઠેકાણું ન રહે ત્યારે આપણો સહારો ભગવાન છે. (તે માટે) ખાલી ગુરુમંત્ર લીધાથી કશું વળતું નથી. ભગવાનના નામનો કોઈ પણ એક મનગમતો મંત્ર આપમેળે લઈને તેનો જાપ કરવાનું શરૂ કરી શકાય, તે મંત્ર વારંવાર બદલવો નહીં.

'જ્યારે સ્મરણ અખંડ થાય ત્યારે કામક્રોધાદિ મોળાં પડે. તેને માટે આંતરિક સંગ્રામ ખેલવો પડે. મને સાપ કરડ્યો. મેં એની સામે સતત 'હરિ: ૐ'ના રટણથી સંગ્રામ ખેલ્યો. ત્યારે (મને) અજપાજપ લાધ્યો.

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની) **ISBN 81-7229-237-6 (set)**